सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT

LEGAL DEPARTMENT

# BOMBAY ACT NO. LXII OF 1947

## The Bombay Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947.

*(As modified upto 31st March, 1979.)*

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

# સન ૧૯૪૭નો મુંબઈ અધિનિયમ ક્રમાંક–૬૨

## મુંબઈનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭.

(સન ૧૯૭૯ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી સુધારેલો)

*

PRINTED IN INDIA BY THE MANAGER, GOVERNMENT PRESS, BHAVNAGAR
PUBLISHED BY THE DIRECTOR, GOVERNMENT PRINTING, PUBLICATION AND STATIONERY, GUJARAT STATE, AHMEDABAD.

2015

[ કિંમત ₹ ૪૧-૦૦ ]

Scanned by CamScanner

©

[illegible]

PRINTED AT THE GOVERNMENT PRESS, BHAVNAGAR

Scanned by CamScanner

# THE BOMBAY PREVENTION OF FRAGMENTATION AND CONSOLIDATION OF HOLDINGS ACT, 1947.

## (BOM. LXII OF 1947)

**મુંબઈનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭.**

**(સન ૧૯૪૭નો મુંબઈનો ૬૨મો)**

**અનુક્રમણિકા**


**પ્રસ્તાવના**

**કલમો**

**પ્રકરણ ૧**

**પ્રારંભિક**

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૨. વ્યાખ્યા.

**પ્રકરણ ૨**

**સ્થાનિક અને પ્રમાણ-ક્ષેત્રફળ નક્કી કરવા બાબત અને ટુકડાની વ્યવસ્થા બાબત.**

૩. સ્થાનિક વિસ્તારો નક્કી કરવા બાબત.

૪. પ્રમાણ-ક્ષેત્રફળ નક્કી કરવા બાબત.

૫. પ્રમાણ-ક્ષેત્રફળ નક્કી કરવા તથા તેમાં સુધારો કરવા બાબત.

૬. હકપત્રમાં નોંધ.

૭. ટુકડાઓ તબદીલ કરવા તથા પટે આપવા બાબત.

૮. ટુકડા પાડવાનો પ્રતિબંધ.

૮કક. જમીનનું વિભાજન કરવા ઉપર નિયંત્રણ.

૮-ક. કલમો ૭ અને ૮ સાર્વજનિક હેતુ માટેના તબદીલીને લાગુ પડશે નહિ.

૯. અધિનિયમની જોગવાઇઓ વિરૂદ્ધ તબદીલ અથવા વિભાજન કરવા બદલ શિક્ષા

૧૦. સરકારને ટુકડાની તબદીલી.


Scanned by CamScanner

કલમો

૧૧. [કાઢી નાંખી છે.]

૧૨. કલમ ૧૦ના હેતુ સારુ વળતર નક્કી કરવા બાબત.

૧૩. સન ૧૮૭૯ના મુંબઈ અધિનિયમ ૫ની કલમો ૧૧૭ક અને ૧૧૭ખ નો સુધારો.

૧૪. કોર્ટ દ્વારા થતા વેચાણ વખતે ટુકડો વેચવો નહિ અથવા એવા વેચાણથી ટુકડો પડવા દેવો નહિ.

## પ્રકરણ ૩

## એકત્રીકરણ માટેની કાર્યરીતિ

૧૫. સરકાર પોતાની મેળે અથવા અરજી કરવામાં આવ્યે જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજના કરવાનો પોતાનો ઈરાદો જાહેર કરી શકશે.

૧૫ક. યોજના તૈયાર કરવા બાબત અને તે તૈયાર કરવા માટે અનુસરવાના સિદ્ધાંતો.

૧૬. વળતરની જોગવાઈ માટેની યોજના.

૧૭. જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજનામાંની સાર્વજનિક રસ્તાઓ સંમિલિત કરવાની બાબત વગેરે.

૧૮. સાર્વજનિક હેતુઓ માટે અનામત રાખેલી જમીનો.

૧૯. યોજનાના મુસદ્દાની પ્રસિદ્ધિ.

૨૦. યોજનાને બહાલી.

૨૧. નવી જમીનોનો કબજો લેવાનો હક.

૨૨. યોજના અમલમાં આવવા બાબત.

૨૩. જમીનોની તબદીલીને અમુક કાયદાનો પ્રતિબંધ નડશે નહિ.

૨૪. તબદીલી પ્રમાણપત્ર.

૨૫. એકત્રીકરણમાં સહાય કરવા માટે લોન તરીકે નાણાં આપવા બાબત.

## પ્રકરણ ૪

## એકત્રીકરણની કાર્યવાહીની અને જમીનોના એકત્રીકરણની અસર

૨૬. એકત્રીકરણ અધિકારીએ અમુક અધિનિયમો હેઠળની સત્તા વાપરવા બાબત.

૨૭. અમુક કાર્યવાહીઓ બંધ રાખવા બાબત; એકત્રીકરણની કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન જમીનની તબદીલી કરવા ઉપર પ્રતિબંધ.



Scanned by CamScanner

કલમો.

૨૮. જમીનોમાંના હક.

૨૯. બોજા તબદીલ કરવા બાબત.

૨૯ક. પટાનો બોજો તબદીલ કરવો કે નહિ તે બાબતનો એકત્રીકરણ અધિકારીએ નિર્ણય કરવો જોઇશે.

૩૦. તકરારના કેસમાં વળતર અથવા ચોખ્ખી કિંમતની ફાળવણી.

૩૧. એકત્રિત જમીનોના દુમાલા અને પેટા-વિભાગ કરવા પર નિયંત્રણ.

૩૧-ક. યોજનામાં કારકૂની તથા ગાણિતિક ભૂલો સુધારવા બાબત.

૩૨. ભૂલ, અનિયમસરતા, અવિધિસરતાનાં કારણોસર યોજનામાં ફેરફાર કરવાની સત્તા.

૩૩. યોજનામાં ફેરફાર કરવાની અથવા યોજના રદ કરવાની સત્તા.

## પ્રકરણ ૫.

## સામાન્ય.

૩૪. જમાબંધી કમિશનરની સત્તાની સોંપણી.

૩૪-ક. ગ્રામ સમિતિઓની રચના.

૩૫. કાર્યવાહીનું રેકર્ડ મંગાવવાની રાજ્ય સરકારની સત્તા.

૩૬. અપીલ અને ફેરતપાસ.

૩૬-ક. હકૂમતનો પ્રતિબંધ.

૩૬-ખ. આ અધિનિયમ હેઠળ નિર્ણય કરવાનો હોય તેવા મુદ્દાઓવાળા દાવા.

૩૬ગ. મુક્તિ.

૩૭. નિયમો.

૩૮. રદ કરવા બાબત અને અપવાદ.



Scanned by CamScanner

# ૧ સન ૧૯૪૭નો મુંબઈ અધિનિયમ ક્રમાંક - ૬૨

## [ મુંબઈનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭] *

[ ૨૯મી જાન્યુઆરી, ૧૯૪૮. ]

કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી સુધારેલો અને સુસંગત કરેલો

સન ૧૯૫૧ના મુંબઈના અધિનિયમ ૩૧ થી સુધારેલો.

સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ થી સુધારેલો.

સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૩૩ થી સુધારેલો.

મુંબઈ રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૬ થી સુધારેલો અને સુસંગત કરેલો.

સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૮ થી સુધારેલો.

સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ થી સુધારેલો.

સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૬૩ થી સુધારેલો.

ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી સુધારેલો અને સુસંગત કરેલો.

સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૧૫ થી સુધારેલો.

સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ૯ થી સુધારેલો.

ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા માટે જોગવાઈ કરવા બાબતનો અધિનિયમ.

ખેતીની જમીનોમાં વધુ સારી ખેતી થઈ શકે તે માટે તેમના ટુકડા પડતા અટકાવવાનું અને તેમનું એકત્રીકરણ કરવાની જોગવાઈ કરવાનું ઈષ્ટ છે, આથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે :–

---

૧. ઉદ્દેશો અને કારણો માટે જુઓ, મુંબઈ રાજપત્ર, ૧૯૪૬, ભાગ-૫, પાનું ૧૩૯; પ્રવર સમિતિના અહેવાલ માટે જુઓ, મુંબઈ રાજપત્ર, ૧૯૪૭, ભાગ-૫ પાનું ૧૯૫; વિધાનસભાની કાર્યવાહી માટે જુઓ મુંબઈ વિધાનસભાની ચર્ચા, ૧૯૪૭, પુસ્તક ૧૦ અને ૧૧ અને વિધાન પરિષદની કાર્યવાહી માટે જુઓ મુંબઈ વિધાન પરિષદની ચર્ચા, ૧૯૪૭, પુસ્તક ૧૩.

* સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ ના આરંભની તરત જ પહેલાં મુંબઈ રાજયના જે ભાગને આ અધિનિયમ લાગુ પડતો ન હતો તેને આ અધિનિયમ લાગુ પાડવામાં આવે છે. (જુઓ સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ-૨).



Scanned by CamScanner

Scanned by CamScanner



## પ્રકરણ–૧

### પ્રારંભિક

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭' કહેવાશે.

૧[ (૨) તે સમગ્ર ૨ [ગુજરાત રાજ્ય] ને લાગુ પડે છે.]

(૩) તે ૩ [રાજ્ય] સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નક્કી કરે તે વિસ્તારોમાં અને તે તારીખે અમલમાં આવશે.

**વ્યાખ્યા.**

૨. આ અધિનિયમમાં વિષય અથવા સંદર્ભથી વિરૂધ્ધનો કોઈપણ મજકૂર ન હોય તો–

(૧) ''ખેતીનું વર્ષ'' એટલે એપ્રિલની પહેલી તારીખે શરૂ થતું વર્ષ;

(૨) ''જમીનોનું એકત્રીકરણ'' એટલે કોઈ ગામમાં, મહાલમાં અથવા તાલુકામાં અથવા તેના કોઈ ભાગમાં, જમીનોના પ્લોટોની સંખ્યા ઘટાડવા માટે જમીનો અથવા જમીનોના ભાગો ભેગા કરવા અને જરૂર જણાય ત્યાં જમીનોની અથવા જમીનોના ભાગોની ફરી વહેંચણી કરવી તે;

(૩) ''એકત્રીકરણ અધિકારી'' એટલે કલમ ૧૫ હેઠળ ૩[રાજ્ય] સરકારે એકત્રીકરણ અધિકારી તરીકે નીમેલા અધિકારી અને આ અધિનિયમ મુજબ એકત્રીકરણ અધિકારીનાં તમામ કાર્યો અથવા તે પૈકી કોઈ કાર્ય બજાવવા માટે ૩[રાજ્ય] સરકારે અધિકૃત કરેલી કોઈ વ્યકિતનો તેમાં સમાવેશ થાય છે ;

**સન ૧૯૨૫નો મુંબઈનો ૭મો.**

૪[ (૩-ક) ''સહકારી મંડળી'' એટલે મુંબઈ સહકારી મંડળી અધિનિયમ ૧૯૨૫ હેઠળ નોંધાયેલી અથવા નોંધાયેલી ગણાતી સહકારી મંડળી. ૫ [ * * * * * ]

(૪) ''ટુકડો''એટલે આ અધિનિયમ હેઠળ નક્કી કરાયેલા યોગ્ય માન્ય ક્ષેત્રફળ કરતાં ઓછા ક્ષેત્રફળવાળો જમીનનો પ્લોટ:

પરંતુ જમીનનો કોઈ પ્લોટ, તેના વિસ્તારમાં ધોવાણથી થયેલા કોઇ ઘટાડાને કારણે ટુકડા તરીકે ગણાશે નહિ;

(૫) ''જમીન'' એટલે ખેતીની જમીન, તે પછી દુમાલા હોય કે બિનદુમાલા હોય;

---

૧. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ ની કલમ ૩ (૧) થી અસલને બદલે આ પેટા-કલમ મૂકી છે.

૨. ગુજરાત કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી ''મુંબઈ રાજ્ય'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૪. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ ની કલમ ૨ થી આ ખંડ દાખલ કર્યો છે.

૫. ગુજરાત કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી આ મજકૂર કાઢી નાખ્યો છે.

(૬) ''સ્થાનિક વિસ્તાર'' એટલે કલમ ૩ હેઠળ રાજપત્રમાં સ્થાનિક વિસ્તાર તરીકે જાહેર કરેલો કોઈ વિસ્તાર.

૧[ * * * * * * * ]

(૮) ''માલિક'' એટલે બિનદુમાલા જમીનની બાબતમાં ભોગવટેદાર ૨[ અથવા ગણોતથી ધરાવનાર ] અને આવી જમીન ગીરો મૂકવામાં આવી હોય ત્યારે માલિક એટલે ગીરો મૂકનાર; દુમાલા જમીનની બાબતમાં માલિક એટલે વરિષ્ઠ ધારક ૩[ અથવા ગીરાસદાર];

૪[ * * * * * * * * ]

સન ૧૯૫૧નો સૌરાષ્ટ્ર અધિનિયમ ૨૫મો.

સ્પષ્ટિકરણ–આ ખંડમાં ''ગિરાસદાર'' એ શબ્દપ્રયોગનો અર્થ 'સૌરાષ્ટ્ર જમીન સુધારણા અધિનિયમ, ૧૯૫૧' માં જે કરવામાં આવ્યો છે તે જ થશે.]

(૯) ''ઠરાવેલુ'' એટલે આ અધિનિયમ હેઠળ કરાયેલા નિયમોથી ઠરાવેલુ;

૫[ (૯-ક) ''સંબંધિત અધિનિયમ '' એટલે –

સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

૬[ (ક) ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારમાં, તે વિસ્તારને લાગુ પાડ્યા પ્રમાણેનો મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને ગુજરાત રાજ્યના બાકીના ભાગમાં મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯;]

૭ [ * * * * * * * ]

(૯-ખ) ''સંબંધિત ગણોત વહીવટ કાયદો'' એટલે–

૮ [ (ક) ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તારમાં, મુંબઈનો ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અને તે રાજ્યના કચ્છ વિસ્તારમાં રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પડતો હોય તેટલા પૂરતો મુંબઈનો ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) અધિનિયમ, ૧૯૫૮;]

૯ [ * * * * * * * ]

---

૧. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ ની કલમ ૩ (૨)(ખ) થી ખંડ (૭) કાઢી નાંખ્યો છે.

૨. એજનની કલમ ૩ (૨) (ગ) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ (૩) (૨) (ગ) થી આ શબ્દો ઉમેર્યા છે.

૪. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી આ પરંતુક રદ કર્યો છે.

૫. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ ની કલમ ૩ (૨) (ઘ) થી ખંડો (૯-ક) થી (૯-ગ) દાખલ કર્યા છે.

૬. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી અસલને બદલે ખંડ (ક) મૂક્યો છે.

૭. એજનથી ખંડ (ખ) અને (ગ) રદ કર્યા છે.

૮. એજનથી અસલને બદલે ખંડ (ક) મૂક્યો છે.

૯. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી ખંડો (ખ) અને (ગ) કાઢી નાંખ્યા છે.

Scanned by CamScanner

(ઘ) ૧[ગુજરાત રાજ્ય]ના સૌરાષ્ટ્ર વિસ્તારમાં, સૌરાષ્ટ્રનો ખેતીની જમીન પટાની બંધી અધિનિયમ, ૧૯૫૩ અને સૌરાષ્ટ્રનો ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯; સન ૧૯૫૩નો સૌરાષ્ટ્ર અધિનિયમ ૨૩મો.

(૯-ગ) ''સેટલમેન્ટ કમિશનર'' માં સરવે સેટલમેન્ટ કમિશનરનો સમાવેશ થાય છે; સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૫૬મો.

(૧૦) કોઇ વર્ગની જમીનના સંબંધમાં ''પ્રમાણ-ક્ષેત્રફળ'' એટલે કોઈ ખાસ સ્થાનિક વિસ્તારમાં લાભકારક ખેતી માટે જરૂરી ન્યૂનતમ વિસ્તાર તરીકે કલમ ૫ હેઠળ ૨[રાજ્ય] સરકાર વખતોવખત નક્કી કરે તે વિસ્તાર અને તેમાં સદરહુ કલમ હેઠળ સુધારેલા પ્રમાણનો સમાવેશ થાય છે.

(૩)[૧૦-ક] ''ગ્રામ સમિતિ'' એટલે કલમ ૩૪-ક હેઠળ રચાયેલી ગ્રામ સમિતિ;]

(૧૧) આ અધિનિયમમાં વાપરવામાં આવ્યા હોય પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ ૪[સંબંધિત અધિનિયમમાં]જે કર્યો છે તે જ થાય છે;

૩[(૧૨) આ અધિનિયમમાં મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વિષેના કોઈ ઉલ્લેખનો અર્થ સંદર્ભથી એવું જરૂરી જણાય ત્યાં ૫[ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારને] લાગુ પાડ્યા પ્રમાણેના તે અધિનિયમ વિષેનો ઉલ્લેખ હોય એમ સમજવું.]

---

૧. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી ''મુંબઈ રાજ્ય'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૩. સન ૧૯૫૮ના મુંબઇ અધિનિયમ ૬૧ ની કલમ ૩ (૨) (ચ) અને (જ) થી આ ખંડ દાખલ કર્યા છે.

૪. એજનની કલમ ૩ (૨) (છ) થી ''મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯'' એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો મૂક્યા છે.

૫. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી ''મુંબઈ રાજ્યના કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારને'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

Scanned by CamScanner

## પ્રકરણ-૨

### સ્થાનિક અને પ્રમાણ-ક્ષેત્રફળ નક્કી કરવા બાબત અને ટુકડાની વ્યવસ્થા બાબત.

**સ્થાનિક વિસ્તાર નક્કી કરવા બાબત.**

૩. ૧[રાજ્ય] સરકાર, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, કોઈ ગામ, મહાલ અથવા તાલુકાને ૨[અથવા તહસીલ] અથવા તેના કોઈ ભાગને આ અધિનિયમના હેતુઓ સારુ સ્થાનિક વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરી શકશે.

**પ્રમાણ ક્ષેત્રફળ નક્કી કરવા બાબત.**

૪. (૧) ૧[રાજ્ય] સરકાર, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, અને તેણે નીમેલી જિલ્લા સલાહકાર સમિતિ અથવા ૩[બીજા કોઈ મંડળ] સાથે વિચાર વિનિમય કર્યા પછી, કોઈ સ્થાનિક વિસ્તારમાંની કોઈ વર્ગની જમીન માટે અલગ પ્લોટ તરીકે જેમાં લાભકારક ખેતી થઈ શકે તેવો ન્યૂનતમ વિસ્તાર કામચલાઉ નક્કી કરી શકશે.

(૨) ૧[રાજ્ય] સરકાર, પોતે પેટા-કલમ (૧) હેઠળ કામચલાઉ નક્કી કર્યા હોય તેવા ન્યૂનતમ વિસ્તારો રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને તથા ઠરાવવામાં આવે તેથી બીજી રીતે પ્રસિધ્ધ કરશે અને તેને લગતા વાંધાઓ મંગાવશે.

**પ્રમાણ ક્ષેત્રફળ નક્કી કરવા તથા તેમાં સુધારો કરવા બાબત.**

૫. (૧) કલમ ૪ની પેટા-કલમ (૨) હેઠળ સંબંધિત ગામમાં જાહેરનામું પ્રસિધ્ધ કર્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર, કોઈ વાંધા મળ્યા હોય તો તે ઉપર વિચાર કર્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી વધુ તપાસ કર્યા પછી, ૧[રાજ્ય] સરકાર, તેવા સ્થાનિક વિસ્તારમાંથી દરેક વર્ગની જમીન માટે પ્રમાણ-ક્ષેત્રફળ નક્કી કરશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરેલા પ્રમાણ-ક્ષેત્રફળમાં સુધારો કરવાનું ૧[રાજ્ય] સરકારને ઈષ્ટ લાગે, તો ૧[રાજ્ય] સરકાર કોઈપણ સમયે તેમ કરી શકશે. આવી રીતનો સુધારો કલમ ૪ની પેટા-કલમ (૧)માં ઠરાવેલી રીતે કરવામાં આવશે.

(૩) ૧[રાજ્ય] સરકારે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને તથા ઠરાવવામાં આવે તેવી બીજી રીતે, પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરેલા અથવા પેટા-કલમ (૨) હેઠળ ફેરફાર કરેલા કોઈ પ્રમાણ-ક્ષેત્રફળની જાહેર નોટિસ આપવી જોઇશે.

**હકપત્રમાં નોંધ.**

૬. (૧) કલમ ૫ની પેટા-કલમ (૩) હેઠળ કોઈ સ્થાનિક વિસ્તાર માટે પ્રમાણ-ક્ષેત્રફળની જાહેરાત થાય એટલે, તે વિસ્તારમાંના બધા ટુકડાઓ હકપત્રમાં અને હકપત્ર ન હોય ત્યારે, ૧[રાજ્ય] સરકાર ઠરાવે તેવા ગ્રામ-રેકર્ડમાં તેવા ટુકડાઓ તરીકે નોંધવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી દરેક નોંધની નોટિસ ૪[ * * * * * સંબંધિત અધિનિયમ હેઠળ] ફેરફાર-રજીસ્ટરમાં કરેલી નોંધ અંગે જે રીતે નોટિસ આપવા માટે ઠરાવ્યું છે તે રીતે આપવાની રહેશે.

**ટુકડાઓ તબદીલ કરવા તથા પટે આપવા બાબત.**

૭. (૧) કોઈ વ્યક્તિ જેના સંબંધમાં કલમ ૬ની પેટા-કલમ (૨) હેઠળ નોટિસ આપવામાં આવી હોય તેવો કોઈ ટુકડો તેની લગોલગ આવેલા સરવે નંબરના અથવા સરવે નંબરના માન્ય રાખેલા પેટા-વિભાગના ૫[માલિક સિવાય] બીજી કોઈ વ્યક્તિને તબદીલ કરી શકશે નહિ :

---

૧. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૪) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૮(૪)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૪. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી ''રાજ્યના હૈદ્રાબાદ વિસ્તારમાં ફસલીનો હૈદ્રાબાદના જમીનના હકપત્ર બાબતના વિનિમય, ૧૩૫૮ ફસલી મુજબ અને બીજે સ્થળે'' એ શબ્દો અને આંકડા કમી કર્યા છે.

૫. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ની કલમ ૩(૧) થી અસલ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.



Scanned by CamScanner

૧[પરંતુ તેવો ટુકડો ધરાવનાર, યથાપ્રસંગ, રાજ્ય સરકારે, અથવા જમીન ગીરો બેન્કે અથવા બીજી કોઈ સહકારી મંડળીએ આપેલી લોનની જામીનગીરી તરીકે તે ટુકડો રાજ્ય સરકારને અથવા બેન્કને અથવા મંડળીને ગીરવી આપી શકશે અથવા તબદીલ કરી શકશે.]

(૨) ૨[તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં અથવા કોઈ લેખમાં અથવા કબૂલાતનામામાં] ગમે તે મજકૂર હોય તે છતાં, એવો કોઈ ટુકડો, તેની લગોલગ આવેલી જમીન ખેડનાર સિવાયની કોઈ વ્યક્તિને આપી શકાશે નહિ.

**ટુકડા પાડવાનો પ્રતિબંધ**

૮. કોઈ સ્થાનિક વિસ્તારમાં આવેલી જમીન તેના ટુકડા પડે તે રીતે તબદીલ અથવા વિભાજિત કરી શકાશે નહિ.

**જમીનનું વિભાજન કરવા ઉપર નિયંત્રણ**

૩[૮કક. (૧) જેના પ્રમાણ-ક્ષેત્રફળ નક્કી કરવામાં આવ્યા હોય તેવા કોઈ સ્થાનિક વિસ્તારમાં આવેલી અવિભક્ત ખેતીની જમીનમાં તબદીલી, હુકમનામાં વારસહકથી અથવા બીજી રીતે બે અથવા વધારે વ્યક્તિઓ હિસ્સો મેળવવાંને હકદાર હોય અને તેમની વચ્ચે જમીનનું વિભાજન કરવાનું હોય ત્યારે તેવું વિભાજન જમીનનો ટુકડો પડે નહિ તે રીતે કરવાનું રહેશે.

(૨) આવું વિભાજન કોર્ટ અથવા કલેક્ટર કરે ત્યારે, નીચેની કાર્યરીતિ અપનાવવી જોઇશે–

(ક) કેટલાક સહહિસ્સેદારો વચ્ચે વિભાજન કરતી વખતે એમ જણાય કે તેમાંનો કોઇ સહ-હિસ્સેદાર જમીનમાંના અમુક વિશિષ્ટ હિસ્સા માટે જ હકદાર છે અને તે હિસ્સો જમીનના ટુકડા કર્યા સિવાય આપી શકાય એમ નથી, તો તેને તે હિસ્સા માટે નાણાંમાં વળતર આપવામાં આવશે. વળતરની રકમ, બને ત્યાં સુધી ''જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪''ની કલમ ૨૩ની અથવા 'જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪' (અનુકૂળ અને લાગુ પાડવા બાબતના) 'વટહુકમ,૧૯૪૮' હેઠળ મુંબઈ રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારોને લાગુ પડતી હોય તેટલે સુધી ૪[ તે કલમની] ૫[ * * * * ] જોગવાઈઓ અનુસાર નક્કી કરવામાં આવશે.

(ખ) વિભાજન કરતી વખતે એમ જણાય કે પેટા-કલમ(૧)ની જોગવાઈઓ અનુસાર તમામ સહહિસ્સેદારોના હિસ્સાની જોગવાઈ કરવા સારુ જમીન પૂરતી નથી, તો સહહિસ્સેદારો પોતાનામાંથી કોને જમીનનો હિસ્સો મળવો જોઈએ અને કોને નાણાંમાં વળતર મળવું જોઇએ તે વિષે પરસ્પર કબૂલાત કરી શકશે. આવું કોઈ કબૂલાતનામું ન થાય ત્યારે, સહહિસ્સેદારોમાંથી કોને જમીનનો હિસ્સો આપવો અને કોને નાણાંમાં વળતર આપવું તેની પસંદગી ઠરાવવામાં આવે તે રીતે ચીઠ્ઠી નાખીને કરવી જોઇશે.

(ગ) પોતાને કાયદેસર મળનાર જમીનના હિસ્સા ઉપરાંત મળેલી જમીનની વધારાની કિંમતના પ્રમાણમાં દરેક સહહિસ્સેદારોને વળતર આપવાનું રહેશે અને પોતાને ફાળવવામાં આવેલા હિસ્સાનો કબજો લેતાં પહેલાં આવા સહહિસ્સેદારે ઠરાવેલી રીતે વળતરની પ્રમાણસર રકમ અનામત મૂકવી પડશે. આમ ન કરે તો તેનો હિસ્સો, અગાઉ જેને જમીન ફાળવવામાં આવી ન હોય અને જે ખંડ (ખ)માં ઠરાવેલી રીતે પસંદ કરવામાં આવેલ હોય તેવા બીજા કોઈ સહહિસ્સેદારોને, જેને જમીનનો

---

૧. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ ની કલમ ૩(૨) થી આ પરંતુક ઉમેર્યો છે.

૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૬)થી ''મુંબઈ ગણોત વહીવટ અધિનિયમ, ૧૯૩૯'' એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો મૂક્યા છે.

૩. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ, ૬૧ની કલમ ૩(૭)થી કલમ ૮કક દાખલ કરી છે.

૪. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી ''અથવા તે કલમની'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૫. એજનથી ''અથવા યથાપ્રસંગ હૈદરાબાદ જમીન સંપાદન અધિનિયમ, ૧૩૦૯ ફસલીની કલમ ૧૮ની'' એ શબ્દો અને આંકડા કમી કર્યા છે.

Scanned by CamScanner

હિસ્સો મળ્યો ન હોય એવા સહહિસ્સેદારને તેવુંજ વળતર ચૂકવવાની જોગવાઇને અધીન રહીને, ફાળવવામાં આવશે.

(ઘ) ખંડ (ગ) હેઠળ જે સહહિસ્સેદારોને જમીન ફાળવવામાં આવી હોય તેઓમાંનો કોઇપણ હિસ્સેદાર વળતર આપે નહિ અને પોતાનો હિસ્સો સ્વીકારે નહિ તો તે હિસ્સો લિલામ કરીને સૌથી વધારે ભાવ બોલનારને વેચી દેવામાં આવશે અને ખરીદ-કિંમત જેમને જમીન મળી ન હોય તે સહહિસ્સેદારોને તેમના પોતપોતાના હિસ્સાના પ્રમાણમાં ચૂકવવામાં આવશે.

(ચ) જમીનના ટુકડા ન થાય એવી બીજી કોઇ રીતે વિભાજન ન કરવા પક્ષકારો કબૂલ થાય, ત્યારે તે પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

(૩) હુકમનામાની બજાવણી કરતાં વિભાજન કરવામાં આવે, ત્યારે જમીનના વિભાજનને લગતા અને વળતરની ફાળવણીને લગતા તમામ પ્રશ્નોનો નિર્ણય, પેટા-કલમ (૨)ની જોગવાઇઓ અનુસાર, હુકમનામાની બજાવણી કરનાર કોર્ટ અથવા વિભાજન કલેક્ટર કરશે.]

**કલમો ૭ અને ૮ સાર્વજનિક હેતુ માટેની તબદીલીને લાગુ પડશે નહિ.**

[૧][૮ક. કલમ ૭, [૨][૮ અને ૮ક] (માંનો કોઇ મજકૂર, રાજ્ય સરકાર આ અર્થે રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સાર્વજનિક હેતુ માટે કરેલી કોઇ જમીનની તબદીલીને લાગુ પડશે નહિ.]

**અધિનિયમની જોગવાઇઓ વિરૂધ્ધ તબદીલ અથવા વિભાજન કરવા બદલ શિક્ષા.**

૯.(૧) આ અધિનિયમની જોગવાઇઓ વિરુધ્ધ કરેલી જમીનની તબદીલી અથવા વિભાજન ફોક ગણાશે.

(૨) એવી રીતે તબદીલ અથવા વિભાજિત કરેલી જમીનનો માલિક [૩][રાજ્ય] સરકારના સામાન્ય હુકમોને અધીન રહીને, કલેક્ટર ફરમાવે તેવા રૂા. ૨૫૦ કરતાં વધારે ન હોય તેટલો દંડ ભરવાને પાત્ર થશે.

[૪][આવો દંડ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.]

[૫][(૩) જે કોઇ જમીનની તબદીલી અથવા વિભાજન પક્ષકારોના કૃત્યથી અથવા કાયદાના અમલથી આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ ફોક થયું હોય તેનો અનધિકૃત રીતે ભોગવટો કરનારને અથવા તેનો ખોટી રીતે કબજો ધરાવનાર વ્યક્તિને કલેક્ટર સંક્ષિપ્ત કાર્યવાહી કરીને તેમાંથી કબજો છોડાવી શકશે.]

**[૭][સરકારને] ટુકડાની તબદીલી.**

૧૦. (૧) જમીનના ટુકડામાં હિત ધરાવતી વ્યક્તિઓને કલેક્ટર નક્કી કરે તેટલું વળતર [૬][રાજ્ય સરકાર ચૂકવે] એટલે તે ટુકડાનો માલિક તે ટુકડો [૭][રાજ્ય સરકાર]ને સ્વત્વાર્પિત કરી શકશે અને તેમ થયે, તે ટુકડો તમામ બોજાથી મુક્ત [૮][રાજ્ય સરકારને] સંપૂર્ણતઃ પ્રાપ્ત થશે. [૯][પરંતુ ઉપર પ્રમાણે કલેક્ટરે નક્કી કરેલી વળતરની રકમ આપવામાં આવે તો એવો કોઇ ટુકડો, લગોલગ આવેલા સરવે નંબરની અથવા સરવે નંબરના માન્ય રાખેલા પેટા-વિભાગની જમીનના માલિકને પ્રથમ આપવાની

---

૧. સન ૧૯૫૩ના મુંબઇ અધિનિયમ ૬૯ની કલમ ૪થી કલમ ૮ક દાખલ કરી છે.

૨. સન ૧૯૫૮ના મુંબઇ અધિનિયમ ૬૧ની કલમ ૩(૮) થી ''અને ૮'' એ શબ્દ અને આંકડાને બદલે, આ આંકડા અને, શબ્દ અને અક્ષર મૂક્યા છે.

૩. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૪. સન ૧૯૫૩ના મુંબઇ અધિનિયમ ૬૯ની કલમ ૫(૧)થી આ શબ્દો ઉમેર્યા છે.

૫. એજનની કલમ ૫(૨)થી આ પેટા-કલમ ઉમેરી છે.

૬. ગુજરાત કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''ક્રાઉનને ચૂકવે'' એ શબ્દને બદલે આ શબ્દો મૂક્યા છે.

૭. એજનથી ''પ્રાંતના હેતુઓ માટે ક્રાઉન'' એ શબ્દને બદલે આ શબ્દો મૂક્યા છે.

૮. સન ૧૯૫૮ના મુંબઇ અધિનિયમ ૬૧ની કલમ ૩(૯) (ક)થી આ ભાગ ઉમેર્યો છે.

૯. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી '' ક્રાઉન'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

Scanned by CamScanner

ઓફર કરવામાં આવી ન હોય તેવી વળતરની રકમ ચૂકવી તે ટુકડો ખરીદવાની માલિકે ના પાડી ન હોય તો રાજ્ય સરકારને તબદીલ કરી શકાશે નહિ.]

(૨) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૧૭-ખની જોગવાઈઓ અનુસાર આવા કોઈ ટુકડાનો નિકાલ થઇ શકશે. ૧[ * * * * * * ]

સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો સન ૧૮૯૪નો ૧લો. સન ૧૯૪૮ નો સૌરાષ્ટ્રનો વટહુકમ ૨૧મો. સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

૧૧. [સરકારને મહેસૂલ ભરવા માટે આકારેલા એસ્ટેટનું વિભાજન અથવા તેનો અલગ ભાગ કરવા બાબત.] સન ૧૯૫૮ના મુંબઇ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૦)થી કાઢી નાંખી છે.

**કલમ ૧૦ના હેતુ સારુ વળતર નક્કી કરવા બાબત.**

૧૨. કલમ ૧૦ના હેતુઓ સારુ વળતર નક્કી કરતી વખતે, કલેક્ટરે, જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની કલમ ૨૩ની પેટા-કલમ (૧)ની અથવા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (અનુકૂળ કરવા અને લાગુ પાડવા બાબતના) વટહુકમ ૧૯૪૮ હેઠળ મુંબઇ રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારને લાગુ પડતી હોય તેટલે સુધી તે કલમની ૨[૩[યથાપ્રસંગ, પેટા-કલમ (૧) ની જોગવાઇઓ પરત્વે લક્ષ આપવાનું રહેશે. ]

૪[ * * * * * * ]

**સન ૧૮૭૯ના મુંબઇ અધિનિયમ ૫ની કલમો ૧૧૭-ક અને ૧૧૭-ખનો સુધારો.**

૧૩. ૫[(૧) મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૧૭ક અને ૧૧૭ખ માં સદરહુ કલમોના આરંભમાં નીચેનો મજકૂર દાખલ કરવામાં આવશેઃ–

'' મુંબઇના ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ, ૧૯૪૭ની જોગવાઇઓને અધીન રહીને.''

૬[ * * * * * * ]

**કોર્ટ દ્વારા થતા વેચાણ વખતે ટુકડો વેચવો નહિ અથવા એવા વેચાણથી ટુકડો પડવા દેવો નહીં.**

૭[૧૪. તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, જેના સંબંધમાં કલમ ૬ની પેટા-કલમ (૨) હેઠળ નોટિસ આપવામાં આવી હોય તેવો કોઇ ટુકડો, કોઇ કોર્ટના હુકમ મુજબ રાખેલા વેચાણ વખતે લગોલગ આવેલા સરવે નંબરની અથવા સરવે નંબરના માન્ય રાખેલા પેટા-વિભાગની જમીનના માલિક સિવાય કોઇને વેચી શકાશે નહિ અને તેવા વેચાણ વખતે કોઇ જમીન તેનો ટુકડો બાકી રહે તે રીતે વેચી શકાશે નહિ.]

---

૧. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી આ ભાગ રદ કર્યો છે.

૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ ની કલમ ૩(૧૧)થી આ શબ્દો ઉમેર્યા છે.

૩. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી અસલ શબ્દો, કૌંસો અને આંકડાને બદલે આ શબ્દો, કૌંસો અને આંકડા મૂક્યા છે.

૪. એજનથી આ ભાગ કમી કર્યો છે.

૫. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ ની કલમ ૩(૧૨) થી કલમ ૧૩ને તે કલમની પેટા કલમ(૧) તરીકે ફરી નંબર આપ્યો છે અને તેવી રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ(૧) પછી, પેટા-કલોમો (૨) અને (૩) ઉમેરી છે.

૬. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ પેટા-કલોમો (૨) અને (૩) કમી કરી છે.

૭. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ ની કલમ ૬થી અસલને બદલે આ કલમ મૂકી છે.

Scanned by CamScanner

## પ્રકરણ-૩

### એકત્રીકરણ માટેની કાર્યરીતિ.

સરકાર પોતાની મેળે અથવા અરજી કરવામાં આવ્યે જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજના કરવાનો પોતાનો ઈરાદો જાહેર કરી શકશે. યોજના તૈયાર કરવા બાબત અને તે તૈયાર કરવા માટે અનુસરવાના સિંધ્ધાતો.

૧૫. કોઇ ગામ, મહાલ, [૧][તાલુકા અથવા તહસીલમાં] અથવા તેના કોઇ ભાગમાં આવેલી જમીનોમાં વધુ સારી ખેતી થાય તે હેતુ માટે તેમનું એકત્રીકરણ કરવાના ઉદ્દેશથી [૨][રાજ્ય] સરકાર [૩][પોતાની મેળે અથવા તેને તે અર્થે અરજી કરવામાં આવે એટલે] રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને સંબંધિત ગામ અથવા ગામોમાં ઠરાવેલી રીતે જાહેરાત કરીને તેવા ગામ અથવા ગામોમાં અથવા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા તેના ભાગમાં આવેલી જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજના કરવાનો પોતાનો ઇરાદો જાહેર કરી શકશે. સંબંધિત ગામમાં આવી પ્રસિદ્ધ થાય એટલે [૨][રાજ્ય] સરકાર એકત્રીકરણ અધિકારી નીમી શકશે અને તેવા અધિકારી [૪][આમાં હવે પછી જોગવાઇ કરેલી રીતે] આવા ગામ અથવા ગામો અથવા તેના ભાગમાં આવેલી જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજના [૫] * * * * તૈયાર કરશે.

[૬][૧૫-ક. (૧) એકત્રીકરણ અધિકારી સંબંધિત જમીન માલિકો અને ગ્રામ સમિતિને યોગ્ય નોટિસ આપ્યા પછી સંબંધિત ગામો પૈકી દરેક ગામની મુલાકાત લેશે અને ગ્રામ સમિતિ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજના તૈયાર કરશે જેમાં ઠરાવવામાં આવે તે પત્રકો, રેકર્ડ અને નકશાઓનો સમાવેશ થશે.

(૨) યોજના તૈયાર કરતી વખતે એકત્રીકરણ અધિકારીએ, જે તે ગામોની જમીનો જેટલા ઘટકોમાં વહેંચવાની હોય તેમની સંખ્યા, દરેક માલિકને નવા પ્લોટો ફાળવવાની રીત, ગ્રામ સમિતિની ભલામણો અને ઠરાવવામાં આવે તે બાબતો અંગે રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવી કાર્યરીતિ ધ્યાનમાં રાખવી જોઇશે.]

વળતરની જોગવાઇ માટેની યોજના.

૧૬. (૧) મૂળ જમીનની બજાર કિંમત કરતાં ઓછી કિંમતવાળી જમીન જેને ફાળવવામાં આવી હોય તે માલિકને વળતર આપવા માટે અને મૂળ જમીનની બજાર-કિંમત કરતાં વધુ કિંમતવાળી જમીન જેને ફાળવવામાં આવે તે માલિક પાસેથી વળતર વસૂલ કરવા માટે એકત્રીકરણ અધિકારીએ તૈયાર કરેલી યોજનામાં જોગવાઇ કરવાની રહેશે.

સન ૧૮૯૪નો ૧લો સન ૧૯૪૮નો સૌરાષ્ટ્ર વટહુકમ ૨૧મો.

(૨) વળતરની રકમ, બને ત્યાં સુધી યથાપ્રસંગ, 'જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪'ની કલમ ૨૩ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ અનુસાર અથવા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (અનુકૂળ કરવા અને લાગુ પાડવા બાબતના) વટહુકમ ૧૯૪૮' હેઠળ [૭][તે કલમની પેટા-કલમ(૧)] હેઠળ મુંબઇ રાજ્યના સૈરાષ્ટ્ર વિસ્તારને લાગુ પડતી હોય તેટલે અંશે તેની જોગવાઇઓ અનુસાર નક્કી કરવી રહેશે. [૮][ * * * * ]

---

૧. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૩)થી ''અથવા તાલુકામાં'' એ શબ્દને બદલે આ શબ્દો મૂક્યા છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૩. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૩)થી આ શબ્દો દાખલ કર્યા છે.

૪. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૩)થી આ શબ્દો ઉમેર્યા છે.

૫. એજનથી ''ઠરાવેલી રીતે'' એ શબ્દો કાઢી નાંખ્યા છે.

૬. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૩)થી કલમ ૧૫ક દાખલ કરી છે.

૭. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી ''અથવા પેટા-કલમ (૧)ની'' એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે આ શબ્દો, કૌંસ અને આંકડામૂક્યા છે.

૮. એજનથી આ ભાગ કમી કર્યો છે.

Scanned by CamScanner

**જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજનામાંની સાર્વજનિક રસ્તાઓ સંમિલિત કરવાની બાબત વગેરે.**

૧૭. (૧) જમીનોનું એકત્રીકરણ કરવા માટેની યોજના તૈયાર કરતી વખતે, એકત્રીકરણ અધિકારીને એવું જણાય કે કોઈ માર્ગ, શેરી, ગલી અથવા પગવાટ યોજનામાંની કોઇ જમીન સાથે ભેળવી દેવાનું જરૂરી છે, ત્યારે તેણે તેવી મતલબની જાહેરાત કરવી જોઈશે અને એવી જાહેરાતમાં એમ જણાવવું જોઇશે કે લોકોના તેમજ વ્યક્તિઓના સદરહુ માર્ગ, શેરી, ગલી અથવા પગવાટમાંના અથવા તે ઉપરનાં હકો, યથાપ્રસંગ નષ્ટ થશે અથવા એકત્રીકરણની યોજનામાં દર્શાવેલા નવા માર્ગ, શેરી, ગલી અથવા પગવાટ ઉપર તબદીલ થયેલા ગણાશે.

(૨) પેટા-કલમ (૧)માંની જાહેરાત કલમ ૧૯માં ઉલ્લેખેલી યોજનાના મુસદા સાથે ઠરાવેલી રીતે સંબંધિત ગામમાં પ્રસિદ્ધ કરવી જોઇશે.

(૩) કોઇ પ્રજાજન અથવા વ્યકિત સદરહુ માર્ગ, શેરી, ગલી અથવા પગવાટમાં અથવા તે ઉપર જાહેર રાજમાર્ગ તરીકેના હક ઉપરાંત બીજુ કાંઇ હિત કે હક ધરાવતી હોય કે જેના ઉપર સૂચિત યોજનાની પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય, તો તે પેટા-કલમ (૧) હેઠળની જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર તે યોજના અંગેનો પોતાનો વાંધો. તેવા હિત અથવા હકનો પ્રકાર અને તે હક ઉપર કેવી રીતે પ્રતિકૂળ અસર થવાનો સંભવ છે તે તથા એવા હિત અથવા હક માટે વળતર માટેના પોતાના દાવાની રકમ તથા વિગતો એકત્રીકરણ અધિકારીને લખીને જણાવી શકશે :

પરંતુ એવા માર્ગ શેરી, ગલી અથવા પગવાટ ઉપરનો જાહેરમાર્ગ તરીકે હક નષ્ટ થાય અથવા ઓછો થાય તે કારણે વળતર અંગેનો કોઇ દાવો વિચારણામાં લેવામાં આવશે.

(૪) એકત્રીકરણ અધિકારીએ યોજના સંબંધી કોઇ વાંધા મળ્યા હોય તો તે વિચારણામાં લીધા પછી તે યોજના તેમાં તેને કરવાનું જરૂરી લાગે તેવા સુધારા તેમજ તે અંગે મળેલા વાંધા, તે ઉપરની તેની ભલામણો અને તેના અભિપ્રાય પ્રમાણે કોઈ વ્યક્તિઓને તથા કઈ વ્યકિતઓને કેટલી વળતરની રકમ આપવાની છે તેના પત્રક સાથે જમાબંધી કમિશનરને સાદર કરવા જોઇશે એ યોજના વિષેના તથા કશું વળતર આપવનું હોય તો તેની રકમ અને આવું વળતર કઈ વ્યકિતઓએ આપવાનું છે તેને લગતો જમાબંધી કમિશનરનો નિર્ણય [૧][રાજ્ય] સરકાર કરે તે ફેરફારને અધીન રહીને, આખરી ગણાશે.

**સાર્વજનિક હેતુઓ માટે અનામત રાખેલી જમીનો.**

[૨][૧૮. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગ્રામ સમિતિ સાથે વિચાર વિનિમય કરીને, એકત્રીકરણ અધિકારી,–

(ક) કોઈ સાર્વજનિક હેતુ માટે ખાસ મુકરર કરેલી જમીન તેવી રીતે મુકરર કરેલી ગણાતી બંધ થશે અને તેની જગ્યાએ બીજી કોઇ જમીન મુકરર કરવાનું ફરમાવે તે;

(ખ) એકત્રીકરણ નીચેના કોઈ વિસ્તારમાં ગામઠાણોના વિસ્તરણ સહિત કોઈ જમીન કોઈ સાર્વજનિક હેતુ સારુ અનામત રાખવામાં આવી ન હોય, તો અથવા એવી રીતે અનામત રાખેલી જમીન પૂરતી ન હોય, તો આવી જરૂરિયાતો માટે બીજી જમીન મુકરર કરે અને તે હેતુ સારુ ગામની તમામ જમીનોમાં પ્રમાણસર કાપ મૂકે તે, કાયદેસર ગણાશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ગામની તમામ જમીનોમાં પ્રમાણસર કાપ મૂકવામાં આવ્યો હોય ત્યારે, રાજ્ય સરકારે, તેનાથી કોઈ અસર થઈ હોય તેવી દરેક વ્યક્તિને, કલમ ૧૫ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે જમીનની બજાર કિંમતે આવા કાપમાં આવતી જમીનોના સંબંધમાં વળતર આપવું પડશે.

---

૧. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૫)થી અસલને બદલે કલમ ૧૮ મૂકી છે.

Scanned by CamScanner

સન ૧૮૯૪નો ૧લો. (૩) પેટા-કલમ (૨) માં ઠરાવ્યું હોય તે સિવાય, એકત્રીકરણ અધિકારીએ, બને ત્યાં સુધી જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની કલમ ૨૩ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ અનુસાર આવા વળતરની રકમ નક્કી કરવી જોઇશે ]

યોજનાના મુસદાની પ્રસિદ્ધિ. ૧૯. (૧) એકત્રીકરણ યોજનાનો મુસદો પ્રસિદ્ધ કરવા માટે તૈયાર હોય ત્યારે, એકત્રીકરણ અધિકારીએ ઠરાવેલી રીતે સંબંધિત ગામ આવા ગામોમાં તે પ્રસિદ્ધ કરવો જોઇશે. એવી યોજનાથી અસર થવાનો સંભવ હોય તેવી કોઇ વ્યક્તિ એવી પ્રસિદ્ધની તારીખથી ત્રણ મહિનાની અંદર તે યોજનાને લગતા કોઇ વાંધાના એકત્રીકરણ અધિકારીને લેખિત જણાવશે. એકત્રીકરણ અધિકારીઓએ કોઇ વાંધા મળ્યા હોય તો તે વિચારણામાં લીધા પછી, પોતાને જરૂરી લાગે તેવા સુધારા સાથે તેમજ તે વાંધા અંગેના પોતાના અભિપ્રાય સાથે તે યોજના જમાબંધી કમિશનરને સાદર કરશે.

(૨) સુધાર્યા પ્રમાણેની યોજના એકત્રીકરણ અધિકારીએ પ્રસિદ્ધ પણ કરવી જોઇશે.

યોજનાને બહાલી. ૧[૨૦. (૧) યથાપ્રસંગ કલમ ૧૯ની પેટા-કલમ (૧) હેઠળ યોજનાનો મુસદો પ્રસિદ્ધ કર્યાની તારીખથી અથવા પેટા-કલમ (૨) હેઠળ સુધારેલી યોજનાનો મુસદો પ્રસિદ્ધ કર્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર કોઇ વાંધા મળે નહિ, તો જમાબંધી કમિશનર તે યોજનાને બહાલી આપશે.

(૨) આવી યોજનાના મુસદા અથવા સુધારેલી યોજનાના મુસદાને લગતા કોઇ વાંધા મળે, અને

(ક) જમાબંધી કમિશનર, વાંધાઓ પર વિચારણા કર્યા પછી યોજનાનો મુસદો અથવા સુધારેલી યોજનાનો મુસદો મંજૂર કરે તો તે, યોજનાનો મુસદો અથવા સુધારેલી યોજનાનો મુસદોમાં, તે અંગે મળેલા વાંધાઓ સહિત રાજ્ય સરકારને ન સાદર કરશે, અથવા

(ખ) વાંધાઓ પર વિચારણા કર્યા પછી જમાબંધી કમિશનર યોજના વધુ સુધારે તો જમાબંધી કમિશનર, તે વધુ સુધારેલી યોજના ઠરાવેલી રીતે પ્રસિદ્ધ કરશે.

(૩) પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ વધુ સુધારેલી યોજનાની પ્રસિદ્ધિના પંદર દિવસની અંદર,–

(ક) તે અંગે કોઇ વાંધા મળે નહિ તો જમાબંધી કમિશનર યોજનાને બહાલી આપશે, અને

(ખ) કોઇ વાંધા મળે તો જમાબંધી કમિશનર, આવી વધુ સુધારેલી યોજના, તે અંગે મળેલા વાંધાઓ સહિત રાજ્ય સરકારને સાદર કરશે.

(૪) પેટા-કલમ (૨)ના ખંડ (ક) હેઠળ પેટા-કલમ (૩)ના ખંડ (ખ) હેઠળ યોજના સાદર કરવામાં આવે એટલે, રાજ્ય સરકાર વાંધાઓ વિચારણામાં લીધા પછી યોજનામાં સુધારા કરીને અથવા તે કર્યા વગર તેને બહાલી આપી શકશે અથવા બહાલી આપવાની ના પાડી શકશે]

નવી જમીનોનો કબજો લેવાનો હક. ૨૧. ૨[(૧) કલમ ૨૦ની પેટા-કલમ (૧), ૧[(૩) અથવા (૪)] હેઠળ યોજનાને બહાલી આપવામાં આવે એટલે, તે યોજના બહાલ રાખવામાં આવી છે એનું જણાવતું જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને બહાલ રાખ્યા પ્રમાણેની યોજના સંબંધિત ગ્રામ અથવા ગામોમાં ઠરાવેલી રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે. એવી યોજનાથી અસર થતી હોય તેવા માલિકોમાંથી બે-તૃતિયાંશ કે તેથી વધુ સંખ્યાના માલિકો તે મુજબ તેમને ફાળવવામાં આવેલી જમીનોના કબજો લેવાનું કબૂલ કરે તો, એકત્રીકરણ અધિકારી, તમામ માલિકોને તરત જ અથવા પોતે ઠરાવે તે તારીખથી એવો કબજો લેવા દેવાની છૂટ આપી શકશે.

---

૧. સન ૧૯૫૯ના મુંબઈ અધિનિયમ ૩૩ ની કલમ ૨થી અસલને બદલે આ કલમ મૂકી છે.

૨. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમની કલમ ૬૯ ની કલમ ૭(૧)થી અસલ પેટા-કલમો (૧) અને (૨)ને બદલે પેટા-કલમો (૧), (૨) અને (૨ક) મૂકી છે.

૩. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૩૩ ની કલમ ૩થી ''અથવા ૩'' એ શબ્દ, કૌંસ અને આાંકડાને બદલે, આ કૌંસ, આંકડા શબ્દ મૂક્યો છે.

Scanned by CamScanner

(૨) એવા માલિકોમાંથી બે-તૃતિયાંશ કે તેથી વધુ સંખ્યાના માલિકો પેટા-કલમ (૧) હેઠળ કબજો લેવાનું કબૂલ કરે નહિ, તો પેટા-કલમ (૧) હેઠળનું જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યાની તીરીખની તરત પછીના ખેતી વર્ષની શરૂઆતથી તમામ માલિકો યોજના મુજબ તેમને ફાળવેલી જમીનોનો કબજો લેવાને હકદાર રહેશે.

(૨ક) પેટા-કલમ (૧) અથવા (૨)ની જોગવાઇઓનો અમલ કરતી વખતે, એકત્રીકરણ અધિકારીએ જરૂરી હોય તો માલિકોને, યોજના મુજબ જે જમીનોનો કબજો લેવાનો તેમને હક હોય તે જમીનોનો કબજો આપવાનો રહેશે અને તેમ કરવા માટે તે કોઇ જમીનમાંથી કોઇ વ્યક્તિને ઠરાવેલી રીતે કાઢી મૂકી શકશે.]

(૩) પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઇ માલિકે યોજના હેઠળ તેની પાસે વસૂલ કરવાની હોય તેવી વળતરની રકમ ઠરાવેલી રીતે સદરહુ ખેતી-વર્ષની શરૂઆતના પંદર દિવસની અંદર અનામત મૂકી હોય તે સિવાય, યોજના હેઠળ તેને ફાળવવામાં આવેલી જમીનોનો કબજો મેળવવાનો તેને હક રહેશે નહિ.

(૪) માલિક પેટા-કલમ (૩)ની જોગવાઇઓનું પાલન કરે ત્યારે એકત્રીકરણ અધિકારી એવી જમીનમાંનો તેનો હક તો જમીનની કિંમત આપે તેવી બીજી કોઇ વ્યક્તિને ઠરાવેલી રીતે ફાળવી શકશે. અને આવા દાખલામાં ખર્ચ બાદ કર્યા પછી ઉપજેલી કિંમત (જેને આમાં હવે પછી ચોખ્ખી કિંમત કહી છે તે) માલિકને તથા તે જમીનમાં હિત ધરાવતી બીજી કોઇ વ્યકિતને આપવામાં આવશે.

૧ [(૫) જમીનની કિંમત આપવાને કોઇ વ્યકિત તૈયાર ન થાય તો, રાજ્ય સરકાર માલિક પાસેથી, યોજના હેઠળ વસૂલ કરવાનું થતું વળતર જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે, અથવા માલિકને અને જમીનમાં હિત હોય તેવી બીજી કોઇ વ્યક્તિને જમીનની ચોખ્ખી કિંમત આપ્યા પછી રાજ્ય સરકાર પોતે તે જમીન ખરીદી શકશે.]

**યોજના અમલમાં આવવા બાબત.**

૨૨. આ અધિનિયમ હેઠળ જમીનનો કબજો લેવાનો હક હોય તેવી વ્યક્તિઓ તેમને ફાળવેલી જમીનોનો કબજો લે કે તરત યોજના અમલમાં આવી છે, એમ ગણાશે.

**જમીનોની તબદીલીને અમુક કાયદાનો પ્રતિબંધ નડશે નહિ. તબદીલી પ્રમાણપત્ર.**

૨૩. તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, માલિકોના અથવા હિત ધરાવતી બીજી વ્યકિતઓના હકો, જેનાથી તેમને અસર થતી હોય તેવી એકત્રીકરણ યોજનાને અમલમાં મૂકવાના હેતુ સારૂ વિનિમયથી અથવા બીજી રીતે તબદીલ કરી શકાશે.

૨૪.(૧) એકત્રીકરણ અધિકારીએ એકત્રીકરણની યોજના અનુસાર જેને જમીન ફાળવવામાં આવી હોય એવા દરેક માલિકને તથા કલમ ૨૧ ની પેટા-કલમ (૪) હેઠળ જેને હક ફાળવ્યો હોય તેવી દરેક વ્યક્તિને, યોજના અનુસાર તેને જમીન તબદીલ કરવામાં આવી છે એવી મતલબનું ઠરાવેલા નમૂના પ્રમાણેનું 'ભારત રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮' હેઠળ વિધિસર નોંધેલું પ્રમાણપત્ર આપવાનું રહેશે. **સન ૧૯૦૮નો ૧૬મો.**

૨[તેમ થયે, એકત્રીકરણ અધિકારી, એવી રીતે તબદીલ કરેલી જમીનોના સંબંધમાં નવું હકપત્ર તૈયાર કરાવી શકશે અને એવી રીતે તૈયાર કરેલું હકપત્ર ૩[ * * * ] સંબંધિત કાયદા હેઠળ તૈયાર કરવામાં આવ્યું છે એમ ગણાશે.]

---

૧. સન ૧૯૫૩ ના મુંબઈ અધિનિયમ ૬૯ ની કલમ ૭ (૨) થી પેટા-કલમ (૫) ઉમેરી છે.

૨. સન ૧૯૫૮ ના મુંબઈ અધિનિયમ ૬૧ ની કલમ ૩ (૧૬) થી આ ભાગ ઉમેર્યો છે.

૩. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી આ ભાગ કમી કર્યો છે.

Scanned by CamScanner

(૨) તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આવા પ્રમાણપત્રના સંબંધમાં કોઇ સ્ટેમ્પ અથવા રજીસ્ટ્રેશન ફી આપવાની થશે નહિ.

સન ૧૮૮૩નો ૧૯મો. સન ૧૮૮૪નો ૧૨મો.

એકત્રીકરણમાં સહાય કરવા માટે લોન તરીકે નાણાં આપવા બાબત

૨૫. આ અધિનિયમ હેતુઓ પૈકી કોઇ હેતુ સિદ્ધ કરવા માટે, માલિકને 'જમીન સુધારણા લોન અધિનિયમ, ૧૮૮૩' અથવા 'ખેડૂતોને લોન આપવા બાબતના અધિનિયમ, ૧૮૮૪' હેઠળની લોન તરીકે નાણાં આપી શકાશે અને તેનાં નાણાં લોન વસૂલ કરવામાં આવે તેમ તેની પાસેથી વસૂલ કરી શકાશે.

## પ્રકરણ—૪

## એકત્રીકરણની કાર્યવાહીની અને જમીનોના એકત્રીકરણની અસર

સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

એકત્રીકરણ અધિકારીએ અમુક અધિનિયમો હેઠળની સત્તા વાપરવા બાબત.

૨૬. (૧) એકત્રીકરણની કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન એકત્રીકરણ અધિકારી 'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯' પ્રકરણ ૯ ૧ [ * * * * * ] મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬ અને ૨[સંબંધિત ગણોત વહીવટ કાયદા] હેઠળ મહેસૂલી અધિકારીનાં કાર્યો બજાવશે અને અદા કરશે અને કલમ ૧૫ હેઠળ જે જમીનના એકત્રીકરણ માટે જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તેવી કોઇ જમીનના સંબંધમાં એકત્રીકરણ અધિકારી સિવાય બીજા કોઇ મહેસૂલી અધિકારીથી સદરહુ અધિનિયમો પૈકી કોઇ અધિનિયમ હેઠળ કોઇ કાર્યવાહી કરી શકાશે નહિ.

સન ૧૯૦૬નો મુંબઈનો ૨જો.

(૨) કોઇ જમીન માટે એકત્રીકરણ અધિકારી કલમ ૧૫ હેઠળ યોજના તૈયારકરવાનું શરૂ કરે ત્યારે—

સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

(ક) કલમ ૧૫ હેઠળ જેના એકત્રીકરણ માટે જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તેવી કોઇ જમીન અંગે 'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ના પ્રકરણ ૯ ૩ [ * * * ] 'મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬' અને ૨[સંબંધિત ગણોત વહીવટ કાયદા] હેઠળ કોઇ મહેસૂલી અધિકારી સમક્ષ ચાલુ હોય તેવી તમામ અરજીઓ અને કાર્યવાહીઓ બજાવણીની કાર્યવાહીઓ સહિત એકત્રીકરણ અધિકારીને તબદીલ કરવામાં આવશે; અને

સન ૧૯૦૬નો મુંબઈનો ૨જો.

(ખ) એકત્રીકરણ અધિકારી ઢંઢેરો પીટાવીને કલમ ૧૫ હેઠળ જેના એકત્રીકરણ માટે જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તેવી કોઇ જમીનનો સદરહુ અધિનિયમો પૈકી કોઈ અધિનિયમ હેઠળ કબજો મેળવવાને હકદાર હોવાનો દાવો કરતી હોય તેવી તમામ વ્યક્તિઓને એવી જમીનનો કબજો મળવા માટેની અરજી ઠરાવેલી મુદતમાં કરવાને જણાવશે અને કોઈ વ્યક્તિ ઠરાવેલી મુદતની અંદર તેમ ન કરે તેને તે પછી તેવી અરજી કરવા દેવામાં આવશે નહિ:

---

૧. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી આ શબ્દો અને આંકડા કમી કર્યા છે.

૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ ની કલમ ૩ (૧૭) થી ''મુંબઈ ગણોત વહીવટ અધિનિયમ, ૧૯૩૯'' એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો મૂક્યા છે.

૪. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી આ શબ્દો અને આંકડા કમી કર્યા છે.



Scanned by CamScanner

પરંતુ આ ખંડમાંના કોઈ મજકૂરથી, કલમ ૨૨ હેઠળની એકત્રીકરણની યોજના અમલમાં આવ્યા પછી, તે યોજનામાં સમાવિષ્ટ કરેલી જમીન અંગેની બીજી કોઈ અરજી તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓ મુજબ થઈ શકતી હોય તો તે કરવાને કોઈ વ્યક્તિને પ્રતિબંધ નડશે નહિ.

(૩) એકત્રીકરણ અધિકારીએ સદરહુ અધિનિયમો પૈકી કોઈ અધિનિયમ હેઠળ પોતે કરેલો કોઈ હુકમ આ કલમ હેઠળની કાર્યવાહીના કોઈ પક્ષકાર તરફથી હુકમની તારીખની પંદર દિવસની અંદર તેને તે અર્થે અરજી કરવામાં આવે તો કલેક્ટરને બહાલી માટે સાદર કરવો જોઈશે.

**૧[અમુક કાર્યવાહીઓ] બંધ રાખવા બાબત, એકત્રીકરણની કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન જમીનની તબદીલી કરવા ઉપર પ્રતિબંધ.**

૨૭. એકત્રીકરણ અધિકારી કલમ ૧૫ હેઠળ યોજના તૈયાર કરવાનું શરૂ કરે ત્યારે એકત્રીકરણની કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન કલમ ૧૫ હેઠળ જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તે કોઈ જમીનના સંબંધમાં–

૨['(ક) (૧)' મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૫૩ અથવા ૧૫૫ હેઠળની **સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.**

૩[ * * * * ]

૪[(૨) 'મુંબઈ સહકારી મંડળી અધિનિયમ, ૧૯૨૫' હેઠળ આપેલા અથવા આપેલા ગણાતા કોઈ ચૂકાદાની બજાવણી માટેની]; **સન ૧૯૨૫નો મુંબઈનો ૭મો.**

(૩) 'મુંબઈ ખેડૂત દેણદાર રાહત અધિનિયમ, ૧૯૪૭' ૫ [૬ [ * * * *] અથવા 'સૌરાષ્ટ્ર ખેડૂત દેણદાર રાહત અધિનિયમ, ૧૯૫૪' હેઠળ] આપેલા કોઈ ચૂકાદાની બજાવણી માટેની;

૭[ * * * * *] **સન ૧૯૪૭નો મુંબઈનો ૨૮મો.**

(૪) દીવાની કોર્ટ કરેલા કોઈ હુકમનામાની બજાવણી માટેની;

૮[ (૫) કોઈ રીતે વિભાજન કરવા અથવા પેટા-વિભાગ કરવા માટેની];

કાર્યવાહી શરૂ કરી શકાશે નહિ, અને આવી કાર્યવાહીઓ શરૂ કરવામાં આવી હોય તો તે તમામ બંધ કરવામાં આવશે.] **સન ૧૯૫૪નો સૌરાષ્ટ્રનો ૨૨મો.**

---

૧. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ની કલમ ૮(૨)થી સન ૧૮૭૯ના મુંબઈ અધિનિયમ ૫ની કલમો ૧૫૩ અને ૧૫૫ મુજબની કાર્યવાહીઓ'' એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો મૂક્યા છે.

૨. એજનની કલમ ૮(૧) થી અસલને બદલે આ ખંડ મૂક્યો છે.

૩. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી ખંડો (૧ક) અને (૧ખ) કમી કર્યા છે.

૪. એજનથી અસલને બદલે ખંડ (૨) મૂક્યો છે.

૫. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૮)થી આ ભાગ દાખલ કર્યો છે.

૬. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી અથવા હૈદ્રાબાદ ખેડૂત દેણદાર રાહત અધિનિયમ, ''૧૯૫૬ મુજબ'' એ શબ્દો અને આંકડા કમી કર્યા છે.

૭. એજનથી ખંડ (૩ક) કમી કર્યો છે.

૮. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૧૮)થી ખંડ (૫) દાખલ કર્યો છે.

Scanned by CamScanner

(ખ) કોઈ વ્યક્તિ કલમ ૧૫ હેઠળ જેના સંબંધમાં જાહેરનામું કાઢવામાં આવ્યુ હોય તેવી કોઇ જમીન તબદીલ કરી શકાશે નહિ.

જમીનોના હક.

૨૮. એકત્રીકરણની યોજના અનુસાર જેને જમીન ફાળવવામાં આવી હોય તેવા દરેક માલિકને ૧[કલમ ૨૯-કમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય] તેની મૂળ જમીનમાં તેને હતા તેવા જ હકો રહેશેઃ

પરંતુ કલમ ૨૧ની પેટા-કલમ (૪)ની જોગવાઇઓ હેઠળ જેને જમીન ફાળવવામાં આવી હોય તેવી કોઇ વ્યક્તિને આ કલમનો કોઇ મજકૂર લાગુ પડશે નહિ.

બોજા તબદીલ કરવા બાબત.

૨૯. (૧) કલમ ૨૨ હેઠળ અમલમાં આવી હોય તેવી એકત્રીકરણ યોજનામાં સમાવિષ્ટ કરેલી કોઈ માલિકની જમીન ઉપર ગીરોનો, દેવાનો અથવા ૨[પટા સિવાયનો] ૩[ * * * * ] બીજો બોજો હોય તો એવો ૩[ * * * * ] ગીરો, દેવુ અથવા બીજો બોજો તેના ઉપરથી તબદીલ થશે અને યોજના મુજબ તેને ફાળવેલી જમીનને અથવા કલમ ૩૭ હેઠળ કરેલા કોઇ નિયમોને અધીન રહીને એકત્રીકરણ અધિકારી નિયત કરે તેવા તેના ભાગને લાગુ પડશે અને ૪[ * * * ] ગીરો રાખનાર લેણદાર અથવા બીજા બોજા સાથે લેનાર તદનુસાર પોતાના હકો વાપરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ૩[ * * * * ] ગીરો, દેવુ અથવા બીજો બોજો તબદીલ કર્યો હોય તે જમીન જે મૂળ જમીન પરથી તે તબદીલ કરવામાં આવ્યો હોય તેની બજાર કિંમત કરતાં ઓછી કિંમતની હોય તો [ * * * ] ગીરો રાખનારને, લેણદાર ને બીજા બોજા સાથે લેનારને કલમ ૩૦ની જોગવાઇઓને અધીન રહીને જરૂરી હોય તે પ્રમાણે, જમીનના માલિક પાસેથી એકત્રીકરણ અધિકારી નક્કી કરે તેટલું વળતર મેળવવાનો હક રહેશે.

(૩) કલમ ૨૧માં ગમે તે મજકૂર હોય તે છતાં એકત્રીકરણ અધિકારીએ કબજો મેળવવાનો જેને હક હોય તેવા કોઇ ૪[ * * * ] ગીરો રાખનારને, અથવા બીજા બોજા સાથે લેનારને તેનો ૩[ * * ] ગીરો અથવા બીજો બોજો પેટા-કલમ (૧) હેઠળ જેને તબદીલ થયો હોય તેવી જમીનનો ઠરાવેલી રીતે કબજો અપાવવો જોઇશે.

પટાનો બોજો તબદીલ કરવો કે નહીં તે બાબતનો એકત્રીકરણ અધિકારીએ નિર્ણય કરવો જોઇશે.

૫[૨૯ ક (૧) કલમ ૨૨ હેઠળ અમલમાં આવી હોય તેવી એકત્રીકરણની યોજનામાં સમાવિષ્ટ કરેલી કોઇ માલિકની જમીન ઉપર પટાનો બોજો હોય તો એવો બોજો તેના પરથી તબદીલ કરવામાં આવશે કે નહિ તે બાબત એકત્રીકરણ અધિકારીએ લેખિત હુકમ કરીને નક્કી કરવી જોઈશે. આ પેટા-કલમ હેઠળ એકત્રીકરણ અધિકારીએ કરેલા હુકમની નકલ જમીનની નજીક આવેલા સ્થળે ચોંટાડવી અને ઠરાવેલી રીતે પ્રસિદ્ધ પણ કરવી જોઇશે.

(૨) એકત્રીકરણ અધિકારી એમ નક્કી કરે કે તેવો પટો મૂળ જમીન પરથી તબદીલ કરવામાં આવશે તો તે પટો યોજના મુજબ માલિકને ફાળવેલ જમીનને અથવા કલમ ૩૭ હેઠળ કરેલા કોઈ નિયમોને અધીન રહીને એકત્રીકરણ અધિકારી નિયત કરે તેવા તેના ભાગને લાગુ પડશે અને પટે રાખનાર તેના હકો તદનુસાર વાપરશે. કલમ ૨૯ની પેટા-કલમ (૨) અને (૩)ની જોગવાઈઓ તેવા પટાને તે ગીરો અથવા બોજો હોય તેમ લાગુ પડશે.

---

૧. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ ની કલમ ૯ થી આ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કર્યા છે.

૨. એજનની કલમ ૧૦ (૨) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૩. એજનની કલમ ૧૦ (૧) થી ''પટો'' એ શબ્દ કાઢી નાંખ્યો છે.

૪. એજનની કલમ ૧૦ (૧) થી ''પટે રાખનાર'' એ શબ્દો કાઢી નાંખ્યા છે.

૫. એજનની કલમ ૧૧થી કલમ ૨૯-ક દાખલ કરી છે.

Scanned by CamScanner

(૩) એકત્રીકરણ અધિકારી એમ નક્કી કરે કે તેવો પટો મૂળ જમીન પરથી તબદીલ કરવામાં આવશે નહિ તો તેને લાગુ પડેલો રહેશે અને યોજના મુજબ આવી જમીન જેને ફાળવવામાં આવી હોય તે માલિક તે જમીન તેવા પટાને અધીન રહીને ધરાવશે અને માલિકીમાં ફેરફાર થાય તે છતાં [1][સંબંધિત ગણોત વહીવટ કાયદાની] જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી તેવા પટાને લાગુ પડશે અને [2][સદરહુ કાયદા] ની જોગવાઈઓ જમીન માલિકને અને તેના ગણોતિયાના સંબંધમાં લાગુ પડે છે તે પ્રમાણે તેવા માલિક અને પટે રાખનારાના હકો અને જવાબદારીઓને લાગુ પડશે;

પરંતુ ઉપર પ્રમાણે જમીન ફાળવવામાં આવે તેની તરતજ પહેલાં તે પટા મુજબ લેણી નીકળતી ગણોતની બાકી વસૂલ કરવાનો તેવા માલિકને હક રહેશે નહિ.

(૪) આ કલમ હેઠળના એકત્રીકરણ અધિકારીના નિર્ણય સામે, જમાબંધી કમિશનરને ઠરાવેલા સમયની અંદર અપીલ થઈ શકશે.]

**તકરારના કેસમાં વળતર અથવા ચોખ્ખી કિંમતની ફાળવણી.**

૩૦. (ક) કલમ ૧૬ની પેટા-કલમ (૨) અથવા કલમ ૧૭ની પેટા-કલમ (૪) હેઠળ નક્કી કરેલા વળતરની રકમની ;

[3][(કક) કલમ ૧૮ હેઠળ નક્કી કરેલા વળતરની રકમની ; ]

[4][(ખ) કલમ ૨૧ની પેટા-કલમ (૪) અથવા (૫) હેઠળ ઉપજેલી અથવા ચૂકવવાપાત્ર ચોખ્ખી કિંમતની ;]

(ગ) કલમ ૨૯ની પેટા-કલમ (૨) હેઠળ નક્કી કરેલા વળતરની રકમની,

ફાળવણીના સંબંધમાં તકરાર થાય ત્યારે, એકત્રીકરણ અધિકારીએ તે તકરાર જિલ્લા કોર્ટને નિર્ણય માટે મોકલવી જોઇશે અને વળતરની અથવા ચોખ્ખી કિંમતની રકમ કોર્ટમાં અનામત મૂકવી પડશે અને તેમ થયે, 'જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪' ની કલમો ૩૩, ૫૩, અને ૫૪ની જોગવાઈઓ [5][ [6] [ અથવા યથા પ્રસંગ ] ' જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (અનુકૂળ કરવા અને લાગુ પાડવા બાબતના) વટહુકમ, ૧૯૪૮' થી સૌરાષ્ટ્ર વિસ્તારને લાગુ પડતી હોય તેટલે અંશે તે અધિનિયમની સદરહુ જોગવાઈઓ [7] * * * * * * * ] શક્ય હોય તેટલે સુધી, લાગુ પડશે.

**સન ૧૮૯૪નો ૧લો**

**સન ૧૯૪૮નો સોરાષ્ટ્ર વહુકમ ૨૧મો.**

---

૧. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩ (૧૯) થી ''મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮'' એ શબ્દોને બદલે આ શબ્દો અને આંકડાને મૂક્યા છે.

૨. એજનથી ''સદરહુ અધિનિયમ'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૩. એજનની કલમ ૩ (૨૦) થી આ ખંડ દાખલ કર્યો છે.

૪. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ની કલમ ૧૨ થી અસલને બદલે આ ખંડ મૂક્યો છે.

૫. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩ (૨૦) થી આ ભાગ દાખલ કર્યો છે.

૬. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી અસલ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૭. એજનથી આ શબ્દો અને આંકડા કમી કર્યા છે.

Scanned by CamScanner

૧[૩૧. ૨ [(૧)] તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળ ફાળવેલી કોઇ જમીન અથવા તેનો કોઈ ભાગ– **એકત્રિત જમીનોના દુમાલા અને પેટા-વિભાગ કરવા પર નિયંત્રણ**

(ક) ઠરાવવામાં આવે તેવી શરતો અનુસાર હોય તે સિવાય, વેચાણ તરીકે (દીવાની કોર્ટના હુકમનામાની બજાવણીમાં કરેલા અથવા જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવા પાત્ર રકમ વસૂલ કરવા માટેના વેચાણ સહિત) અથવા બક્ષિસ, વિનિમય અથવા પટા તરીકે કે બીજી રીતે તબદીલ કરી શકાશે ;

(ખ) ૩ [ કલેક્ટરની] લેખિત પરવાનગી સિવાય (દીવાની કોર્ટ અથવા કોઇ બીજા સત્તા ધરાવતા અધિકારીના હુકમનામા અથવા હુકમથી કરવાના પેટા-વિભાગ સહિત) પેટા-વિભાગ કરી શકાશે નહિ.]

(૪) [ (૨) પેટા-કલમ (૧) માંનો કોઇપણ મજકૂર–

(ક) આ અધિનિયમ હેઠળ ફાળવેલી કોઈ જમીનની તબદીલી સમગ્ર જમીનની હોય અને તેમાં તેના કોઈ પેટા-વિભાગ પડતા ન હોય ત્યારે એવી તબદીલીને અથવા આ અધિનિયમ હેઠળ ફાળવેલી કોઈ જમીનના પેટા-વિભાગ, માલિકનું અવસાન થતાં, તે માટે હકદાર વ્યકિતઓના હિસ્સા માટે જોગવાઈ કરવા માટે કરવામાં આવતા હોય અને તેનાથી કોઇ ટુકડા પડતા ન હોય, ત્યારે એવા પેટા-વિભાગને લાગુ પડશે નહિ ; અથવા

**સન ૧૯૭૯નો ગુજરાતનો ૯મો.**

(ખ) આ અધિનિયમ હેઠળ ફાળવેલી કોઈ જમીનની ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૬૯ પછી, પણ મુંબઈના ખેતીની જમીનોના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૭૮' શરૂ થયાની તારીખ (જેનો આમાં હવે પછી, ''સદરહુ તારીખ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પહેલાં કરેલ તબદીલી સમગ્ર જમીનની હોય અને તેમાં તેના કોઈ પેટા-વિભાગ પડતા ન હોય અને તબદીલીથી લેનાર અથવા તેનો હિત ઉત્તરાધિકારી સદરહુ તારીખથી તરત જ પહેલાં એવી રીતે તબદીલ કરેલી જમીનનો ભોગવટો કરતો હોય અથવા તેનો કબજો ધરાવતો હોય અને કલમ ૯ની પેટા-કલમ (૩) હેઠળ કલેક્ટરે કરેલ કબજો છોડાવવાના હુકમ અનુસાર તેની પાસેથી સદરહુ તારીખ પહેલાં એવી જમીનનો કબજો છોડાવવામાં આવ્યો ન હોય તો એવી તબદીલીને કદાપિ લાગુ પડેલો હોય એમ ગણાશે નહિ અને એવી તબદીલી આ કલમની જોગવાઇઓની વિરુધ્ધ હતી તે કારણે તે નિરર્થક થશે નહિ અને કદાપિ નિરર્થક થયું હોય એમ ગણાશે નહિ.

(૩) જેને પેટા-કલમ (૨) નો ખંડ (ખ) લાગુ પડતો હોય તેવી કોઈ જમીનના સંબંધમાં આવી જમીનની તબદીલી કરતા માલિકે દંડ ભરવા માટેનો હુકમ કલેક્ટરે કલમ ૯ની પેટા-કલમ (૨) હેઠળ કર્યો હોય અથવા કબજો છોડાવવા માટેનો હુકમ, કલમ ૯ની પેટા-કલમ (૩) હેઠળ કરવામાં આવ્યો હોય, પણ આવા હુકમનો અમલ કરવામાં આવ્યો ન હોય, ત્યારે એવો હુકમ, સદરહુ તારીખે બિન-અમલી બન્યો હોય એમ ગણાશે અને માલિકે દંડ ભર્યો હોય, તો તે, તેને પાછો આપવામાં આવશે. આ પેટા-કલમ હેઠળ બિન-અસરકારક બનતા આવા કોઈ હુકમ સામે અનિર્ણિત કોઈ ફેરતપાસની કાર્યવાહી બંધ પડશે.]

---

૧. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૩૩ ની કલમ ૪ થી અસલને બદલે આ કલમ મૂકી છે.

૨. સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ૯ ની કલમ ૨ થી કલમ ૩૧ ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

૩. એજનની કલમ ૨ (૧) થી ''રાજ્ય સરકારની'' એ શબ્દોને બદલે આ શબ્દ મૂક્યો છે.

૪. એજનની કલમ ૨ (૨) થી આ પેટા-કલમો દાખલ કરી છે.

Scanned by CamScanner

યોજનામાં કારકૂની તથા ગાણિતિક ભૂલો સુધારવા બાબત.

૧[ ૩૧-ક. યોજના અમલમાં આવ્યા પછી, જમા બંધી કમિશનરને એવું જણાય કે યોજનામાં, કોઈ આકસ્મિક ભૂલચૂકને લીધે થયેલી કોઈ કારકૂની અથવા ગાણિતિક ભૂલ અથવા ગલતી થઈ હોવાના કારણસર તે યોજના ખામીવાળી છે અને તેને એવી ખાતરી થાય કે આવી ભૂલ અથવા ગલતી સુધારવાથી તે યોજનામાં કોઇ મહત્વની વિગતમાં ફેરફાર થશે નહિ તો તે લેખિત હુકમથી આવી ભૂલ અથવા ગલતી સુધારી શકશે અને ઠરાવેલી રીતે તેનો હુકમ પ્રસિધ્ધ કરી શકશે.]

ભૂલ અનિયમસરતા.

૩૨. (૧) યોજના અમલમાં આવ્યા પછી, ૨[રાજ્ય] સરકારને એવું જણાય કે ૩[ કલમ ૩૧-કમાં ઉલ્લેખેલી ભૂલ સિવાયની] કોઇ ભૂલ, અનિયમસરતા અથવા અવિધિસરતાનાં કારણસર યોજના ખામીવાળી છે, તો ૨[રાજ્ય] સરકારે, તેવા ફેરફારનો મુસદો ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરવો જોઇશે, યોજનામાં કરવા ધારેલો દરેક સુધારો ફેરફારના મુસદામાં જણાવવો પડશે.

અવિધિસરતાનાં કારણોસર યોજનામાં ફેરફાર કરવાની સત્તા.

(૨) ફેરફારનો મુસદો પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર, તેવા ફેરફારની અસર થતી હોય તેવી કોઈ વ્યક્તિ, જમાબંધી કમિશનર મારફત ૨[રાજ્ય] સરકારને એવા ફેરફાર સામેનો કોઈ વાંધો લખી મોકલી શકશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ વાંધા મળ્યા પછી ૨[રાજ્ય] સરકાર પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી ૪[ * * * * * ] ફેરફારમાં સુધારાવધારા કરી શકશે અથવા તેમાં કશો ફેરફાર કરશે નહિ.

૫[ ૩-ક) યોજનામાં પેટા-કલમ (૩) હેઠળ ફેરફાર કરવામાં આવે તો યોજનામાં ફેરફાર કર્યો છે એવું જણાવતું જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ કરવાનું રહેશે અને એવી રીતે ફેરફાર કરેલી યોજના સંબંધિત ગામ અથવા ગામોમાં ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરવાની રહેશે. ]

(૪) ૬[ યોજનામાં ફેરફાર કરવામાં આવ્યો છે એવું જણાવતા] જાહેરનામાની તારીખથી યોજનામાં ફેરફારનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેમ તેનો અમલ થશે.

યોજનામાં ફેરફાર કરવાની અથવા યોજના રદ કરવાની સત્તા.

૩૩. આ અધિનિયમ હેઠળ બહાલ રાખેલી જમીનોના એકત્રીકરણ માટેની યોજનામાં ત્યારપછી આ અધિનિયમ અનુસાર તૈયાર કરેલી, પ્રસિધ્ધ કરેલી અને બહાલ રાખેલી યોજનાથી કોઈ સમયે ફેરફાર કરી શકાશે અથવા યોજનાથી તે રદ કરી શકાશે.

## પ્રકરણ–૫

## સામાન્ય

જમાબંધી કમિશનરની સત્તાની સોંપણી.

૩૪. ૨[રાજ્ય] સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમ હેઠળ જમાબંધી કમિશનરની તમામ તથા તેની પાસેની કોઈ સત્તા કલેક્ટરને સોંપી શકાશે.

---

૧. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૫ થી આ કલમ દાખલ કરી છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૩. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૬(૧)થી આ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કર્યા છે.

૪. એજનની કલમ ૬(૨)થી ''રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને'' એ શબ્દો કાઢી નાંખ્યા છે.

૫. એજનની કલમ ૬(૩)થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૬. એજનની કલમ ૬(૪)થી ''ફેરફાર દાખલ કરતાં'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

Scanned by CamScanner

૧[૩૪-ક.(૧) એકત્રીકરણ અધિકારી ઠરાવેલી રીતે ગ્રામ સમિતિની રચના કરશે અને સમિતિએ આ અધિનિયમથી મૂકેલા અથવા સોંપેલા ફરજો અને કાર્યો ઉપરાંત, આ અધિનિયમના હેતુઓ સારુ ઠરાવવામાં આવે તેવી બીજી ફરજો અદા કરવાની રહેશે અને કાર્યો બજાવવાં રહેશે.

**ગ્રામ સમિતિઓની રચના.**

(૨) કલેક્ટરને કોઈપણ સમયે એવી ખાતરી થાય કે ગ્રામ સમિતિએ યોગ્ય કારણ અથવા બહાના સિવાય, આ અધિનિયમથી અથવા તે હેઠળ મૂકેલી અથવા સોંપેલી ફરજો અદા કરવાની અથવા કાર્યો બજાવવાની ના પાડી છે અથવા ચૂક કરી છે અથવા એવા સંજોગો ઉપસ્થિત થયા છે કે ઉપર્યુક્ત ફરજો અદા કરવાને અથવા કાર્યો બજાવવાને સમિતિ અસમર્થ બની છે અથવા બીજી રીતે તેમ કરવાનું ઇષ્ટ અથવા જરૂરી છે, તો તે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ સારુ, પેટા-કલમ (૧)ની જોગવાઈઓ અનુસાર ગ્રામ સમિતિ ફરી રચી શકશે અથવા આ અધિનિયમ હેઠળના ગ્રામ સમિતિનાં કાર્યો બજાવવા અને ફરજો અદા કરવા માટે બીજા કોઈ સત્તાધિકારીને નીમી શકશે; અને તેમ થયે, આ અધિનિયમ હેઠળના ગ્રામ સમિતિના તમામ ઉલ્લેખોમાં, યથાપ્રસંગ, એવી રીતે ફરી રચાયેલી ગ્રામ સમિતિના અથવા એવી રીતે નીમાયેલા સત્તાધિકારીના ઉલ્લેખોનો સમાવેશ થાય છે તેમ ગણાશે.]

**કાર્યવાહીનું રેકર્ડ મંગાવવાની ૨[રાજ્ય] ૩[*] સરકારની સત્તા.**

૩૫. આ અધિનિયમ હેઠળ કોઇ અધિકારીએ કરેલા કોઈ હુકમના કાયદેસરપણા અથવા ઔચિત્ય વિષે ૩[**] ખાતરી કરવાના હેતુ સારુ તેવા અધિકારી સમક્ષ ચાલતી હોય અથવા જેનો તેણે નિકાલ કર્યો હોય તેવી કોઇ કાર્યવાહીનું રેકર્ડ ૨[રાજ્ય] સરકાર ૩[**] કોઇ સમયે મંગાવીને તપાસી શકશે અને તેના સંબંધમાં પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે :

૪[પરંતુ હિત ધરાવતા પક્ષકારોને હુકમના સૂચિત ફેરફાર અથવા ફેરતપાસ વિરુદ્ધ કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવે નહિ ત્યાં સુધી કોઈ હુકમમાં ફેરફાર અથવા તેની ફેરતપાસ કરી શકાશે નહિ.]

**અપીલ અને ફેરતપાસ.**

૩૬. આ અધિનિયમમાં જોગવાઇ કરી હોય તે સિવાય, આ અધિનિયમના પ્રકરણ ૨, ૩ અથવા ૪ હેઠળ કરેલા કોઇ હુકમ સામે કોઇ અપીલ અથવા ફેરતપાસની અરજી થઇ શકશે નહિ.

**હકુમતનો પ્રતિબંધ.**

૫[૩૬-ક. (૧) આ અધિનિયમથી અથવા તે હેઠળ કોઇ પ્રશ્નની પતાવટ, નિર્ણય અથવા વિચારણા રાજ્ય સરકારે અથવા કોઇ અધિકારી અથવા સત્તાધિકારીએ કરવાની હોય, તો તે પ્રશ્નની પતાવટ, નિર્ણય અથવા વિચારણા કરવાની હકૂમત દીવાની કોર્ટને અથવા મામલતદાર કોર્ટને રહેશે નહિ.

(૨) આ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે અથવા એવા અધિકારીએ અથવા સત્તાધિકારીએ કરેલા કોઇ હુકમ સામે, કોઇ દીવાની ફોજદારી અથવા મામલતદાર કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

**આ અધિનિયમ હેઠળ નિર્ણય કરવાનો હોય તેવા મુદ્દાઓવાળા દાવા.**

૩૬-ખ. (૧) કોઈ દીવાની કોર્ટ અથવા મામલતદાર કોર્ટમાં માંડેલા કોઈ દાવામાં એવા મુદ્દાઓ આવતા હોય કે જેમની પતાવટ, નિર્ણય અથવા વિચારણા, આ અધિનિયમ હેઠળ એવા મુદ્દાઓની પતાવટ, નિર્ણય અથવા વિચારણા કરવાની સત્તા ધરાવતા અધિકારીએ (જેનો આમાં હવે પછી '' સત્તા ધરાવતા અધિકારી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેણે) કરવાની હોય, તો દીવાની કોર્ટે અથવા મામલતદાર કોર્ટે તે દાવો સ્થગિત કરવો પડશે અને આવો મુદ્દો નિર્ણય માટે સત્તા ધરાવતા અધિકારીને મોકલવો પડશે.

---

૧. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩ (૨૧) થી કલમ ૩૪-ક દાખલ કરી છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૩. સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ૧૫ ની કલમ ૪, અનુસૂચિ (ખ)થી ''અથવા પ્રસંગ પ્રમાણે પોતાને'' એ શબ્દો અને (ક) ''અથવા રાજ્યની સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી બાબતના સંબંધમાં કમિશનર'' અને (ગ) ''અથવા પ્રસંગ પ્રમાણે તેને'' એ શબ્દો કાઢી નાખ્યા છે.

૪. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩ (૨) થી આ પરંતુક ઉમેર્યો છે.

૫. એજનથી કલમ ૩(૨૩)થી કલમો ૩૬-ક, ૩૬-ખ, અને ૩૬-ગ દાખલ કરી છે.

Scanned by CamScanner

(૨) કોઇ દીવાની કોર્ટ અથવા મામલતદાર કોર્ટ તરફથી આવું લખાણ મળે એટલે, સત્તા ધરાવતા અધિકારીએ આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર આવા મુદ્દાઓ વિચારવા પડશે અને તેનો નિર્ણય કરવો પડશે અને દીવાની કોર્ટ અથવા મામલતદાર કોર્ટને તેના નિર્ણયની જાણ કરવી પડશે અને તેમ થયે, આવી કોર્ટે, તે દાવાને લાગુ પડતી કાર્યરીતિ અનુસાર તેનો નિકાલ કરવો પડશે.

મુક્તિ.

૩૬-ગ. આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યના સંબંધમાં કોઈ વ્યક્તિ સામે કોઇ દાવો અથવા બીજી કાનુની કાર્યવાહી થઇ શકશે નહિ.]

નિયમો.

૩૭. (૧) ૧[રાજ્ય] સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે નિયમો ઘડી શકશે.

(૨) ખાસ કરીને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ ના આવે તે રીતે ૧[રાજ્ય] સરકાર, નીચેની બાબતોની જોગવાઇ કરતા નિયમો કરી શકશે–

(ક) કલમ ૪ ની પેટા-કલમ (૨) હેઠળ પ્રસિદ્ધિની રીત;

(ખ) કલમ ૫ ની પેટા-કલમ (૩) હેઠળ જાહેર નોટિસ આપવાની રીત;

(ગ) કલમ ૬ ની પેટા-કલમ (૧) હેઠળ ગામના ક્યા રેકર્ડમાં ટુકડાઓ નોંધવા તે;

૨[(ગગ) કલમ ૮કક ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ ચિઠ્ઠી નાંખીને પસંદ કરવાની રીત; ]

(ઘ) કલમ ૧૫ હેઠળ યોજના કરવાનો ઈરાદો કઈ રીતે પ્રસિદ્ધ કરવો તે ૩x x x x

૪[(ઘઘ) કલમ ૧૫-ક હેઠળની એકત્રીકરણની યોજનામાં સમાવિષ્ટ કરવાનાં પત્રકો, રેકર્ડ અને નકશાઓ અને યોજના તૈયાર કરવામાં અનુસરવાની કાર્યરીતિ અને ધ્યાનમાં રાખવાની બીજી બાબતો;]

(ચ) કલમ ૧૭ની પેટા-કલમ (૧) હેઠળ કરેલી જાહેરાત, સદરહુ કલમની પેટા-કલમ (૨) હેઠળ પ્રસિદ્ધ કરવાની રીત;

(છ) કલમ ૧૯ની પેટા-કલમ (૧) હેઠળ સંબંધિત ગામ અથવા ગામોમાં એકત્રીકરણની યોજનાનો મુસદ્દો કઈ રીતે પ્રસિદ્ધ કરવો તે;

૫[(છછ) કલમ-૨૦ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ વધુ સુધારેલી યોજના પ્રસિદ્ધ કરવાની રીત;]

(જ) યોજના બહાલ રાખવામાં આવ્યે, કલમ ૨૧ ની પેટા-કલમ (૧) હોઠળ પ્રસિદ્ધ કરવાની રીત;]

(ઝ) કલમ ૨૧ ની પેટા-કલમ ૬[(૨ક] હેઠળ કોઈ વ્યક્તિને કઈ રીતે કાઢી મૂકી શકાય તે;

---

૧. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી ''પ્રાંતિક'' એ શબ્દને બદલે આ શબ્દ મૂક્યો છે.

૨. સન ૧૯૫૮ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩ (૨૪) થી ખંડ (ગગ) દાખલ કર્યો છે.

૩. એજનથી ''અને યોજના તૈયાર કરવાની રીત'' એ શબ્દો કાઢી નાખ્યા છે.

૪. એજનથી ખંડ (ઘઘ) દાખલ કર્યો છે.

૫. સન ૧૯૫૬ના મુંબઈ અધિનિયમ ૩૩ની કલમ ૭(૧) થી આ ખંડ દાખલ કર્યો છે.

૬. સન ૧૯૫૩ના મુંબઈ અધિનિયમ ૬૯ ની કલમ ૧૩(૧) થી કૌંસ અને આંકડો ''(૨)'' ને બદલે આ કૌંસ, અને અક્ષર મૂક્યો છે.

Scanned by CamScanner

(ટ) માલિક પાસેથી વસૂલ કરવાનું વળતર કલમ ૨૧ ની પેટા-કલમ (૩) હેઠળ તેણે કઈ રીતે અનામત મૂક્યું તે;

(ઠ) કલમ ૨૧ની પેટા-કલમ (૪) હેઠળ જમીનનો હક કઈ રીતે ફાળવી શકાય તે;

(ડ) કલમ ૨૪ હેઠળ ક્યા નમૂના પ્રમાણે પ્રમાણપત્ર આપવું તે;

(ઢ) કલમ ૨૬ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ કેટલી મુદતની અંદર અરજી કરવી તે;

(ત) કલમ ૨૯ની પેટા-કલમ (૧) હેઠળ [1]x x x x ગીરો, દેવું અથવા બીજા બોજા બીજી જમીનો ઉપર ફેરવવા અંગે એકત્રીકરણ અધિકારી અને બીજા અધિકારીઓ અને વ્યક્તિઓને માર્ગદર્શન આપવા બાબત;

(થ) કલમ ૩૧ ના ખંડ (ક) હેઠળ કઈ શરતો અનુસાર જમીનો તબદીલ કરી શકાય તે;

[2][(થથ) કલમ-૩૧-ક હેઠળ હુકમ પ્રસિદ્ધ કરવાની રીત;]

(દ) કલમ ૩૨ ની પેટા-કલમ (૧) હેઠળ ફેરફારનો મુસદો [3][ અથવા તેની પેટા-કલમ ૩ ક હેઠળ ફેરફાર કરેલી યોજના પ્રસિદ્ધ કરવાની રીત;]

[4][(દદ) કલમ ૩૪-ક હેઠળ કઇ રીતે ગ્રામ સમિતિઓની રચના કરવી તે અને તેમણે બજાવવાની ફરજો અને અદા કરવાનાં કાર્યો;]

(ધ) નવેસરથી મુકરર કરેલી જમીન અથવા એવી જમીનોના ભાગનો વિસ્તાર અને આકારણી (પાણીનો કર હોય તો તે સહિત) કેવી રીતે નક્કી કરવા તે;

(ન) એકત્રીકરણની યોજના અનુસાર હકપત્રમાં કઇ રીતે સુધારા કરવા તે;

(પ) સામાન્યતઃ આ અધિનિયમ હેઠળની તમામ કાર્યવાહીઓમાં એકત્રીકરણ અધિકારી અને બીજા અધિકારીઓ અને વ્યક્તિઓના માર્ગદર્શન બાબત;

(ફ) ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો પૂર્વ પ્રસિદ્ધિની શરતને આધીન રહેશે.

[5][(૪) આ કલમ હેઠળ ઘડેલા સઘળા નિયમો [6][રાજ્ય વિધાનમંડળ] સમક્ષ તેની તરત પછીની બેઠકમાં મૂકવામાં આવશે અને [7][વિધાનમંડળમાં પસાર થાય] તે ઠરાવથી તેમાં ફેરફાર થઇ શકશે

---

૧. સન ૧૯૫૩ ના મુંબઈ અધિનિયમ ૬ ની કલમ ૧૩(૨) થી ''પટો'' એ શબ્દ કાઢી નાખ્યો છે.

૨. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૩૩ ની કલમ ૭(૨) થી આ ખંડ દાખલ કર્યો છે.

૩. સન ૧૯૫૬ ના મુંબઈ અધિનિયમ ૩૩ ની કલમ ૭(૩) થી આ ભાગ ઉમેર્યો છે.

૪. સન ૧૯૫૮ ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૨૪) થી ખંડ (દદ) દાખલ કર્યો છે.

૫. એજનથી પેટા-કલમ (૪) ઉમેરી છે.

૬. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી ''રાજ્ય વિધાનમંડળના ગૃહો પૈકી દરેક ગૃહ'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

૭. એજનથી ''બંને ગૃહો સહમત થાય'' એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

Scanned by CamScanner

અથવા તે રદ થઈ શકશે અને આવા નિયમો રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કર્યા પછી, તે અનુસાર તેમાં ફેરફાર કરવામાં આવ્યા છે અથવા રદ કરવામાં આવ્યા છે એમ ગણાશે.]

રદ કરવા બાબત અને અપવાદ.

[1][૩૮. 'મુંબઇના ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના (વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૫૮' થી [2][મુંબઇ રાજ્યના] જે ભાગને આ અધિનિયમ, લાગુ પાડવામાં આવ્યો હોય તે ભાગમાં આ અધિનિયમની શરૂઆત થાય એટલે, નીચેની જોગવાઇઓ રદ કરવામાં આવશેઃ– સન ૧૯૫૮નો મુંબઇનો ૬૧મો.

(૧) હૈદરાબાદનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૫૬; સન ૧૯૫૬નો હૈદરાબાદનો ૪૦મો.

(૨) સૌરાષ્ટ્રના ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેના નિયમન બાબતના અધિનિયમ, ૧૯૫૪નું પ્રકરણ ૨;

(૩) મધ્યપ્રદેશ જમીન મહેસૂલ અઝિનિયમ, ૧૯૫૪નું પ્રકરણ ૧૬ : સન ૧૯૫૪નો સૌરાષ્ટ્રનો ૧૨મો.

પરંતુ આવી રીતે રદ કરવામાં આવતાં,–

(ક) એવી રીતે રદ કરેલા કાયદાના અગાઉ થઈ ચૂકેલા અમલને અથવા તે મુજબ યોગ્ય રીતે કરેલા અથવા થવા દીધેલા કોઇ કાર્યને અસર થશે નહિ; અથવા

(ખ) આ પ્રમાણે રદ કરેલા કોઈ કાયદા હેઠળ મેળવેલા કોઈ હકને, પ્રાપ્ત થયેલા વિશેષાધિકારને અથવા આવેલી ફરજને અથવા જવાબદારીને અસર થશે નહિ; અથવા સન ૧૯૫૫નો મધ્યપ્રદેશનો ૨જો.

(ગ) આં પ્રમાણે રદ કરેલા કોઈ કાયદા વિરુદ્ધ કરેલા કોઈ કૃત્ય સબબ થયેલા દંડને અસર થશે નહિ;

અને મુંબઇના ખેતીની જમીનના ટુકડા પડાતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના (વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૫૮, જાણે પસાર થયો જ ન હોય તેમ ઉપર્યુક્ત કોઇ હક, વિશેષાધિકાર, ફરજ, જવાબદારી અથવા દંડ બાબતની કોઈ તપાસ, કાર્યવાહી અથવા ઉપાય કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલ કરાવી શકાશે અને તેવા પ્રકારનો કોઇ દંડ નાખી શકાશેઃ સન ૧૯૫૮નો મુંબઈ ૬૧મો.

વધુમાં અગાઉના પરંતુકને અધીન રહીને એવી રીતે રદ કરેલા કોઈ કાયદા હેઠળ (કરેલી કોઇ નિમણૂક અથવા સોંપણી, કાઢેલ જાહેરનામું, હુકમ અથવા નોટિસ, ઘડેલ નિયમ, વિનિયમ અથવા નમૂનો, ઘડેલ અથવા બહાલ રાખેલ યોજના, જણાવેલ પ્રમાણભૂત વિસ્તારો, નક્કી કરેલા અથવા ફેરતપાસ કરેલ તબદીલી અથવા પટે આપેલ ટુકડો, તેનું મૂલ્યાંકન, અવિભક્ત એસ્ટેટનું કરેલ વિભાજન અથવા હકપત્રમાંની નોંધ, નક્કી કરેલ વળતરની રકમ, આપેલ પ્રમાણપત્ર, યોગ્ય રીતે તબદીલ કરેલ, દુમાલા અથવા પેટા-વિભાગો કરેલ એકત્રિત જમીન સહિત) કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઇ પગલું આ અધિનિયમની તત્સમાન જોગવાઇ હેઠળ કરવામાં આવ્યું છે અથવા લેવામાં આવ્યું છે એમ ગણાશે આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલું કોઈ કાર્ય અથવા લીધેલા કોઈ પગલાથી તેને રદ કરવામાં આવે તે સિવાય અને ત્યાં સુધી તદનુસાર ચાલુ રહેશે]

---

૧. સન ૧૯૫૮ ના મુંબઈ અધિનિયમ ૬૧ની કલમ ૩(૨૫) થી કલમ ૩૮ ઉમેરી છે.

૨. ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી "રાજ્ય" એ શબ્દોને બદલે આ શબ્દો મૂક્યા છે.

------

સરકારી મુદ્રણાલય, ભાવનગર.

Scanned by CamScanner